

REIKI VIDYA NIKETAN
सर्वेः सन्तु निरामयाः

રેકિ બ્રહ્મ

વર્ષ - ૮ | અંક અપ્રિલ - મે, ૨૦૨૦

નાશ નથી આ મારો, આ વિનાશ છે તારો
અંત નથી આ મારો, પણ આ અંત છે તારો |
સમજાય જયારે તને ભૂલ તારી
પુકારજે મને, હું માં છું તારી ||

નિ:શંક પ્રાર્થના, નિર્ભય શાંત રાખ મન,
આ જ છે તારું રસીકરણ,
જે ન રાખે કોરોનાનું જીવન.

|| શુભમ્ ભવતુ ||

પ્રકાશક:

શ્રી સ્વામી સમર્થ સેવક પ્રતિષ્ઠાન
બ્રહ્મકમળ આશ્રમ, દેવરુખ કાટવલી માર્ગ,
ઓઝરે (ખુર્દ), તાલુકો - સંગમેશ્વર
જીલ્લો - રત્નાગિરી, મહારાષ્ટ્ર, ભારત
ફોન : ૯૧ - ૦૨૩૫૪-૨૬૧૩૨૨

સંપાદિકા:

શ્રીમતી મૃણાલ કુટુંબળે
મોબાઈલ: +૯૧ ૮૭૫૮૮૯૩૦૬૩

મુદ્રક:

આસાવરી એન્ટરપ્રાઈસેસ
૪- ગ્રાઉન્ડ ફ્લોર, ઉદ્યમવાડી
સંભાજી પથ, વિષ્ણુનગર, નૌપાડા
ઠાણે (પશ્ચિમ) - ૪૦૦૬૦૨

લવાજમ:

રુ. ૧૦૦ (અંક ૧૨)
રુ. ૨૮૦ (અંક ૩૬)
રુ. ૪૫૦ (અંક ૬૦)

અંકમાં વિશેષ

- તંત્રી લેખ................................૧
- દેવરુખ આશ્રમની મુલાકાત ૨
- તંત્રી લેખ................................૩
- ગુરુ ગુરુપ્રેરણાથી.......................૪
- ગુરુ ગુરુપ્રેરણાથી.......................૬
- તેલંગ સ્વામી............................૭
- તેલંગ સ્વામી............................૯
- સ્વામી વૈદરાજ હોય તો...............૧૦
- સ્વામી વૈદરાજ હોય તો...............૧૧
- સ્વામી વિવેકાનંદ અને ધ્યાન..........૧૩
- સ્વામી વિવેકાનંદ અને ધ્યાન..........૧૫
- ગુસ્સાથી મુક્તિ આવશ્યક ૧૬
- મહામારી અને ભય ૧૭
- કવિતા - લોક ડાઉનની મઝા..........૧૮
- કર્મ ફળ કોના ખાતામાં.................૧૯
- આશ્રમ વાર્તા ૨૦
- આશ્રમ સ્પંદન...........................૨૨

તંત્રી લેખ

કોરોના વાઈરસ વિરુધ્ધ કરુણા રસ

કોરોના વાયરસ નામના જંતુએ આજકાલ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે. એક સમયે રાક્ષસ લોકો જે સમાજમાં કરતાં તે જ આ આધુનિક રાક્ષસો કરી રહયા છે. પોતાને સર્વ સામર્થ્યવાન અને જગતના સર્વેસર્વા માનનારા દેશો આજે ગોઠણ ટેકવીને આ જંતુ વિરુધ્ધ અક્ષરસઃ ચોધાર આંસુએ રડતા દેખાઈ રહયા છે. પોતાના ચહેરા પર આંતરિક મુખોટા ચઢાવીને, પોતાના બાહય સુંદર ચહેરાનું પ્રદર્શન કરીને જગત પર રાજય કરનારા નટ – નટીઓ હવે પોતાના ચહેરાના વાસ્તવિક મુખોટા પાછળ તે જ સુંદર ચહેરાને છુપાવતા ફરે છે. રસ્તે રસ્તે મુખોટાધારી () ચહેરા જોઈને આપણે એકાદ અંગ્રેજી ફિલ્મમાં બીજા ગ્રહમાંથી આવેલા “એલિઅન્સ” તો જોતા નથી ને ! એવી શંકા હવે થવા લાગી છે. સમગ્ર વિશ્વને પોતાની મુઠ્ઠીમાં રાખવાની સંકલ્પના લઈને જીવનારા ચીન અને અમેરિકા જેવા ભૌતિક દૃષ્ટિએ સમૃધ્ધ દેશ, હવે જેમ ભસ્માસુરે પોતાના જ માથા પર હાથ રાખીને પોતાને જ ભસ્મ કરતો જોયો, તેવી જ રીતે સ્વચ્છંદી રીતે દોડતા, ભાગી રહયા છે. સ્થૂળ દુનિયા સિવાય સૂક્ષ્મની દુનિયા છેતરામણી છે એમ દૃઢ માનનારા, દેવોના અને નિસર્ગના કાયદાને મહત્તવ ન દેનારા આધુનિક શાસ્ત્રોજ્ઞૌને ન સમજાય તેવા, ન દેખાય તેવા આ સૂક્ષ્મથી સૂક્ષ્મ જંતુથી ગભરાઈને પોતાના જીવનું આક્રંદ કરીને તેની સામે અસ્વસ્થ બનીને આળોટતા દેખાઈ રહયા છે. આધુનિક વિજ્ઞાનની આ દયનીય અવસ્થા હવે દૃષ્ટિની પેલે પાર ગઈ છે.

આ બધું શું થઈ રહયું છે? નિસર્ગ વિરુધ્ધ જઈને જીવન જીવવાનો અટ્ટહાસ છે કે શું? એ આજે સુજ્ઞ લોકોમાં આવી પડેલો કૂટ પ્રશ્ન છે. નિસર્ગનું રહસ્ય એક નાના બાળકના કુતૂહલને સ્પષ્ટ રીતે સમજાવવાનો વિજ્ઞાનનો મૂળ ઉદ્દેશ કયારનો નાશ પામ્યો છે. નિસર્ગની સાથે કરેલી પ્રગતિથી સંસ્કૃતિનું જતન થયું છે અને માનવીને ભગવાનનું સ્થાન અપાવ્યું. અને નિસર્ગની વિરુધ્ધ જઈને, પોતાને હોંશિયાર સમજીને આધુનિકતાના નામે કરેલ વ્યાપારીકરણ માત્ર વિકૃતિની દિશામાં જઈ રહયું છે.

શિક્ષણ અને સ્વાસ્થ્ય એ માનવતાના બન્ને અંગો હવે સુસ્ત થઈ ગયા હોય એવું લાગે છે એ માનવીના ઉત્ત્થાનના લક્ષણો નથી એ નિશ્ચિત છે.

વિશ્વમાં સહુથી પ્રાચીન એવી ભારતીય સંસ્કૃતિ જે કરતી આવી છે તે હંમેશા માનવ – જીવનના હિતમાં જ હોય છે એ વિશ્વાસ આપણે ભારતીયો જ ગુમાવીને બેઠા છીએ તે સહુથી કરુણાજનક છે. બસો – ત્રણસો વર્ષની સંસ્કૃતિ હજારો વર્ષોની સંસ્કૃતિને પોકળ આહ્વાન દઈને પોતાનું વર્ચસ્વ સાબિત કરતા શેખી મારીને બંડખોરીનો દેખાડો કરે છે અને એકાદ પોતરના વાંદરા જેવા નખરા એકાદ તપસ્વી દાદા શાંતપણે જોઈને મરક મરક હસે છે એવું જ કંઈક આ છે. કાનફાટી જાય એટલા જોરશોરથી આજે હાથ મિલાવવા નહીં, તેને બદલે ફકત દુરથી જ નમસ્કાર કરો એવો ઈશારો કરનારી આધુનિક ઘોષણાઓ સાંભળીને યુગો યુગોથી એકહેતી આવતી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા હવે ગમ્મતમાં હસી રહી છે. શાકાહાર કરો, માંસાહાર ન કરો, જમતાં પહેલાં હાથ પગને સ્વચ્છ રીતે ધુવો,

પોતાના શરીર પર કેમિક્સના ફુવારા મારીને સુગંધ ફેલાવવાને બદલે ધૂપ, અગરબત્તી, લોબાન વિગેરેનો ઉપયોગ કરીને ઘરને સુગંધિત રાખો એવા આજના નારા આધુનિકતાના અહંકારથી વર્ષો વર્ષ માનવતા ટકાવીને રાખેલી પ્રાચીન સંસ્કૃતિ સમક્ષ ગોઠણ ટેકવીને શરણે આવ્યા છે તે જ પ્રતીકરૂપ છે. ભારતીય સંસ્કૃતિ જ હંમેશા સંકટ ટાળવાની દિશામાં કામ કરતી આવી છે. કંઈ પણ દખલ કરીને નિસર્ગની વિરુધ્ધ જઈને પ્રયોગ કરીને માર ખાધા પછી શોર બકોર કરીને પાછું ફરી જવાનું હીનકૃત્ય ભારતીય સંસ્કૃતિએ ક્યારેય કર્યું નથી. એક ધીર ગંભીર અને ઉદાત્ત એવી પ્રવાહિત ભારતીય સંસ્કૃતિ કાળના પ્રવાહને લઈને ગઈ નથી કારણ તે સત્યનો આધાર અને મજબુત પાયા પર ઉભી રહેલી છે. સમયનું પરિમાણ વાપરીને પ્રાચીન, અર્વાચીન, આધુનિક એવા શાસ્ત્રોના વિભાગ કરનારાઓ એ ક્યારેય સમજાતું નથી કે સનાતન, નિરંતર સત્ય એ કાળના પરિમાણથી માપી શકાય નહીં. આધુનિકતાની મોહ – માયામાં ફસાઈને કમ સે કમ નવી પેઢીના યુવકોએ જીવનમાં અવ્યવસ્થા કરવી ન જોઈએ એ સંદેશ જો ધ્યાનમાં આવે તો જ આ કોરોના વાયરસે પોતાનું કામ કર્યું છે એમ માનવામાં હરકત નથી. આપણા દિવ્ય અસ્તિત્ત્વમાં હ્રદયમાં ભરેલા પ્રેમ અને કરુણા એ દિવ્ય ભાવનાનો અનુભવ લેનારાઓ કોરોના જ નહીં પરન્તુ તેના પછી આવનારા કોઈ પણ વાયરસનો ભય રાખવાની જરૂરત નથી એ નીઃસંશય. પેઢીઓ નવી અને જુની હોય શકે પરન્તુ શાસ્ત્રમાં રહેલા સિધ્ધાંત અબાધિત છે, એ જ સત્ય છે.

પ્રેમ, પ્રકાશ અને રેકિ સહ.
અજીત સર

દેવરુખ આશ્રમની પહેલી મુલાકાત

- કુસુમ કુલકર્ણી, ઠાણે

દેવરૂખ આશ્રમમાં આવવું કોને ના ગમે? સ્વામીને મળવા તેમના સહવાસમાં રહેવાની તીવ્ર ઈચ્છા મને ૮૦ માં વર્ષે ઠાણેથી દેવરૂખનો પ્રવાસ કરવાની પ્રેરણા આપી ગઈ. પહેલી વખત જવાનું હોઈ એકલા કેવી રીતે જવું એ વિચારમાં હું હતી. અને અચાનક રાતે ૯ વાગે માઈનો (ગુરુજીના પત્ની) ફોન આવ્યો. મઠની ગાડી દેવરૂખ પાછી જાય છે. તમારે જવું છે? રાતની મુસાફરી, એકલા જવું કે કેમ એ વિચાર મનમાં આવ્યો. પણ કદાચ સ્વામીએજ મારા માટે વ્યવસ્થા કરી હશે એમ માનીને જવાનું નક્કી કર્યું. રાતે ૧૦ વાગે મુસાફરીની શરૂઆત થઈ. રાતનો પ્રવાસ, ઘાટનો રસ્તો, તેનાથી થોડી મુશ્કેલી થઈ પણ સંજયે મને સંભાળી લીધી. અને પરોઢિયે ૪ વાગે અમે મઠમાં પહોંચ્યા.

મઠનો સુંદર વિસ્તાર જોઈને બધો થાક ઉતરી ગયો. ત્યાંનું વાતાવરણ, પ્રેમળ સેવેકરી, સ્વામીનો સહવાસ વિગેરેથી મન શાંત થયું. ગુજરાતનાં સાધકોએ પહેલાજ દિવસે મારું 'કુસુમબા' એવું નામકરણ કર્યું. ધીમેધીમે રોજના કાર્યક્રમોમાં હું પરોવાઈ ગઈ. અહીંના લોકોએ દાખવેલી માયા, સ્નેહ, પ્રેમમાં હું એવી તો ખોવાઈ ગઈ કે મારા દુખાવાને, વ્યાધીને ભૂલી ગઈ. સેવાના ૧૦ દિવસ કેવી રીતે પસાર થયા તે ખબર પણ ના પડી.

ત્યાંથી પાછા ફરતા મન હળવું થયું. નીકળતી વખતે સ્વામીને મળી ત્યારે દુઃખ થયું પણ મનને સમજાવ્યું કે હવે ઘરે જઉં છું પણ ફરીથી અહીં આવવા માટે. નીકળી ત્યારે મનમાં બધાના માટે સ્વામીચરણે પ્રાર્થના કરી કે બધાના મનમાં સ્નેહનું જે ઝરણું છે એ કાયમ માટે વહેતું રહે.



તંત્રીલેખ

કોરોના વાયરસ - નવા જીવનનો પ્રારંભ

૨૦૨૦ નું વર્ષ એક સંવેદનશીલ વર્ષ બની રહેશે એવું મેં જાન્યુઆરીના અંકમાં લખ્યું જ હતું. ફેબ્રુઆરીનો મહિનો શરુ થયો અને એક ન ભૂતો ન ભવિષ્યતિ એવી ઘટનાએ આકાર લીધો છે, એ સમજવામાં જ આપણે મોડું થઇ ગયું. છેલ્લા બે મહિનામાં કોરોના વાયરસની એક ઘટનાએ જોત જોતામાં કેવું રોદ્ર રૂપ ધારણ કર્યું અને સમસ્ત વિશ્વમાં ભય વ્યાપી ગયો છે તે આપણે જોઈએ જ છીએ. સમસ્ત જગતને એક જ ક્ષણમાં બંધ પાડીને જાપાનથી લઈને અમેરિકા સુધી સમસ્ત જીવનનો કારભાર ઠપ્પ કરનારા વાયરસરૂપી રાક્ષસ હજુ પણ માત્ર માનવીની પ્રગતિના અને તંત્રજ્ઞાનની છાતી પર પગ રાખીને સમસ્ત માનવીના અહંકારને તેના પગ તળે કચડી નાખવાનો છે તે સ્પષ્ટ દેખાઈ રહયું છે. આ ઘટના કેટલા સમય સુધી ચાલશે એનો અંદાજ પોતાને વિશ્વના સમ્રાટ માનવા લાગેલી મહાસત્તાઓને પણ આવતો નથી. અમારી ઈચ્છા સિવાય અમેરિકાના આકાશમાં પંખી સુધ્ધા પાંખ હલાવી શકતા નથી એવી બડાઈ મારનારા અમેરિકા જેવા ગર્વથી ફૂલેલા દેશને પણ ખબર ન પડી કે આ વિષાણુ કેવી રીતે અને કયાંથી તેના દેશમાં ઘૂસીને પચાસ હજારથી ઉપર માણસોને મારી રહયો છે. એકાદ માયાવી રાક્ષસની જેમ તે મનુષ્યને હાનિ કરી રહયો છે અને તેને રોકવાનું સામર્થ્ય આવા બળવાન દેશમાં પણ નથી એ એક શોકજનક બાબત છે.

આ સઘળી લડાઈમાં એક માત્ર વાત લોકોના ધ્યાનમાં આવી છે કે છેલ્લા પાંચ દાયકામાં માણસ જે પ્રકારે જીવ્યો છે તે જીવનશૈલી પરથી માણસનો વિશ્વાસ ઉડી જવા લાગ્યો છે. સઘળી બાહય પ્રવૃતિ / હીલચાલ બંધ કરીને પોતાના ઘરમાં બંધ થઇ ગયેલા માણસને પોતાના જ ઘરની એક નવી ઓળખ થવાં લાગી છે. સમૃધ્ધિ અને લાલસાની પાછળ પાછળ દોડનારા માણસને સતત ઘરથી દૂર દોડાવીને લઈ જનારી જીવનશૈલી ના ચોકઠામાં હવે ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થઈ છે. આપણા અંતિમ ધ્યેય સુધી પહોંચવા માટે આપણે સહુ દોડી રહયા હતા એ ભૂલીને હવે આપણે હૃદય બંધ પડી જાય ત્યાં સુધી દોડ કરવા માટે જન્મ લીધો છે એવું માણસ છેલ્લા કેટલાક દાયકાઓથી માનતો આવ્યો છે. તેને અચાનક જીવનની ક્ષણભંગુરતાના ચોકઠામાં પોતાના જીવનનો અર્થ સમજવા લાગ્યો છે એવીજ પરિસ્થિતિ છે. આ કોરોના વાયરસે માણસના મનમાં જ છેદ કર્યો છે. પોતાના પરિવારમાં એક સાથે રહીને જીવનના નવા શિખરો તેને હવે દેખાઈ રહયા છે. ત્રણ ત્રણ કલાક પ્રવાસ કરીને પોતાના કાર્યલયમાં પહોચીને કામ કરવાની શક્તિ જ ગુમાવીને બેસનારા માણસને હવે ઘરે બેસીને પોતે ઘર ચલાવવા માટે ઘરમાં રહીને જ પોતે અર્થોપાર્જન કરી શકે છે અને પોતાની જરૂરીયાત ઓછી રાખવાથી પણ વધારે દોડાદોડી કરવાની આવશ્યકતા નથી એ મોટાભાગના લોકો સમજવા લાગ્યા છે.વ્યવહારમાં જવાને લીધે આપણા (અસ્તિત્વ) પર કેટલી ધૂળ જમા થાય છે અને તે કાઢતા કાઢતા આપણને કેવો નાકે દમ આવે છે તે પણ સુજ્ઞલોકો હવે સમજવા લાગ્યા છે. કૌટુંબિક જીવનના પાયા નીચેથી નીકળનારી રેતી હવે આપણા નિયંત્રણમાં આવી છે અને સમાજ વ્યવસ્થાની સ્થિરતાના પરોઢનું સ્વપ્ન સાકાર થવા લાગ્યું છે એ પણ ઓછું નથી.

પ્રેમ, પ્રકાશ અને રેકિ સહ,
અજીતસર.

'ગુરુ ચરિત્ર - ગુરુ પ્રેરણાથી'

(અધ્યાય - ૩૭)

રોહિણીબેન જોશી / પ્રતિભા ચોક્સી, રાજકોટ

૩૬માં અધ્યાયમાં આપણે જોયું કે શ્રી ગુરુએ બ્રાહ્મણને બ્રાહ્મણોના અચાર, ત્રિકાળ સંધ્યાની રીત, તેમાં કરવી પડતી અંતર – બાહય શુધ્ધિ વિગેરે કર્મ – માર્ગ સમજાવ્યો, ૩૭માં અધ્યાયમાં પૂજા – પાઠથી માંડીને શયન સુધી બ્રાહ્મણોએ કેવી રીતે દિનચર્યા કરવી, વિગેરે આચારનું વર્ણન છે.

જેમાં પ્રથમ આવે છે દેવપૂજા. તો ઘરને સારી રીતે સ્વચ્છ કરી, પૂજા ઘર નિર્મળ રાખવું અને શુભાસને બેસીને પૂજાનો પ્રાંરભ કરવો.આમ તો ત્રિકાળ સંધ્યાની જેમ ત્રિકાળ પૂજન – અર્ચનનું પણ મહત્ત્વ છે પરન્તુ જો ત્રિકાળ ન થાય તો પ્રાત:કાળે તેમજ સાયંકાળે અવશ્ય કરવું. ગુરુનું અથવા તો ઈશ્વરનું સ્મરણ કરીને વેદોક્ત મંત્રથી વિધિપૂર્વક પૂજન કરવું. પ્રથમ પ્રણવ મંત્ર બોલીને અંગન્યાસ કરી, કળશનું પૂજન કરવું. પછી શંખની પૂજા કરવી. ત્યાર બાદ દીપ પ્રજ્વલિત કરવો. પછી દેવોનો પંચામૃતથી અભિષેક કરી સ્નાન – પૂજા કરવી. ત્યારબાદ દેવોને શુભાસને બેસાડી, યજ્ઞોપવિત અર્પણ કરવું, પછી ગંધાક્ષત – પુષ્પ ચડાવવા. પુષ્પો બને ત્યાં સુધી ઘરમાં ઉગેલા ચડાવવા ઉત્તમ છે. ભગવાનને વાસી કે નીચે પડેલા પુષ્પો ન ચડાવવા. પછી સુગંધી ધૂપ કરીને મનોભાવથી આરતી કરવી, ત્યાર બાદ નૈવેધ ધરીને પછી તાંબુલ અર્પણ કરવું. પછી દેવોને નમસ્કાર કરવા.

પછી અન્ન સંસ્કારના આચારની વિધિ બતાવવામાં આવી છે. જેમાં વૈશ્વદેવ કરવાનું એટલેકે અન્નને અગ્નિકુંડને ધરાવીને તેમાં ઘી મિશ્રિત કરીને પાંચ ભાગ કરીને દેવોનો, બલિને, ગૌગ્રાસ, પિતૃને, અને મનુષ્યને વેદ મંત્રથી આહુતિ આપવી વૈશ્વદેવ હોમ કરવો, ભોજન સમયે જો અતિથિ ઘરે આવ્યા હોય તો પહેલાં તેમને ભોજન કરાવી પછી આપણે જમવું. અતિથિ ઘરે આવ્યા હોય અને આપણે તેમને ત્યજીને જમીએ તો આપણો બીજો જન્મ હીન યોનિમાં થાય છે.

સવારે તથા સાંજે ગૃહસ્થે હાથ – પગ અને મોનું પ્રક્ષાલન કરીને ભોજન કરવું. ભોજન કરતી વખતે મૌન રાખવું. ભોજન કરવાના આચારમાં કેવા પાત્રો લેવા તેનો પણ ઉલ્લેખ છે. જેમાં કાંસ્યપાત્રમાં જમવાનું મહત્ત્વ સમજાવ્યું છે કે તેવા પાત્રમાં જમવાથી યશ, બળ, પ્રજ્ઞા, આયુષ્ય વધે છે. ત્યાર પછી તાંબુલ ગ્રહણ કરવું.

ત્યાર પછી વિપ્ર શ્રીગુરુને વિનવે છે કે વિધિનિષેધ અન્ન કયા છે તેનો ઉપદેશ કરો. ત્યારે શ્રીગુરુ કહે છે કે જે અન્નમાં ખૂબ લવણ / મીઠું નાખ્યું હોય તેવું અન્ન જમવું નહીં. તે ઉપરાંત બ્રાહ્મણે લસણ, ગાજર, કાંદા, મૂળા, રીંગણા, સફેદ વટાણા, કોળું તેમજ છત્રાકાર શાક (મશરૂમ) વર્જવા. તે ઉપરાંત આંબળાના ફળ રાત્રીએ ન ખાવા. તે રાતે ખાવાથી બુધ્ધિમાં હાની થાય છે તેમ જ વીર્યનો નાશ થાય છે. વાસી તેમજ ઠંડુ અન્ન ખાવાનો પણ નિષેધ કહયો છે. સાક્ષાત અગ્નિ પર પાકેલું અન્ન જમવું નહીં. તળેલું અન્ન તેમજ સુખડી જેવું મિષ્ટાન્ન વાસી થતું નથી.

શ્રીગુરુ કહે છે કે ભોજન કર્યા પછી તાંબુલ લેવું લાભ કર્તા છે. પાનના પર્ણમૂલ તેમજ અગ્રભાગ કાઢી તેમાં સોપારી, ચૂનો નાખીને પાનનું ભક્ષણ કરવું. એક, ત્રણ કે પાંચ પણ ખાવાથી સુખારોગ્ય, તેમજ મહાભાગ્ય થાય છે, આયુ પ્રજ્ઞા વધે છે જયારે બે, ચાર લેવાથી દુઃખ આવે છે.

રાત્રીના ભોજનમાં દૂધ મિશ્રિત અન્ન લેવું મુખ્ય છે. ભોજન કર્યા પછી એકાદ પ્રહર / ત્રણ કલાક વેદાભ્યાસ કરવો, પછી શયનખંડમાં જવું. સારા લાકડાનો પલંગ બનાવડાવી તેમાં શયન કરવું. ઉત્તર દિશામાં શયનનો નિષેધ કહયો છે. પાણીનો કુંભ મસ્તક પાસે રાખી, ભગવાનનું સ્મરણ કરીને પછી શયન કરવું. તેમાં એમ પણ જણાવ્યું છે કે ઋતુકાળ પછીના પાંચમે, સાતમે અથવા એકી દિવસે સ્ત્રીસંગ કરવાથી કન્યા જન્મે છે અને બેકી દિવસે સ્ત્રીસંગ કરવાથી પુત્ર જન્મે છે. ઋતુકાળ પછી સ્ત્રી સંગ કરતી વખતે સ્ત્રી – પુરુષ માં જેવો ગુણ હોય, સત્ત્વ, રજસ કે તમોગુણ તેવો પિંડ ઉપજે છે.

આવા બ્રાહ્મણોના આચાર કહીને શ્રીગુરુ ઉમેરે છે, કે જે બ્રાહ્મણો આવી આચાર – સંહિતાનું પાલન કરશે તેઓ સદા શ્રીમંત રહેશે, દેવોને પણ વંદ્ય થશે અને તેઓ શતાયુષી થશે.

બોધ :- ૧) ઘરને સ્વચ્છ કરીને, નિર્મળ રાખવું પૂજા ઘર. એવું આ અધ્યાયમાં કહયું છે, પૂજા ઘર નિર્મળ રાખી તેમાં પૂજન અર્ચન કરવાથી સકારત્મક ઊર્જા ઉત્પન્ન થાય છે. પૂજનના પણ પ્રકારો વર્ણવ્યા છે. – સૂર્ય પૂજા એટલેકે સૂર્યને અર્ધ્ય આપવું, - પછી યજ્ઞ પૂજા એટલેકે હોમ હવન કરવા અને ત્રીજું – પ્રતિમાં પૂજા કરવાનું કહયું છે.

૨) ત્રિકાળ પૂજન – અર્ચન કરવાનું કહયું છે, પરન્તુ ત્રણ વાર ન થાય તો પ્રાત:કાળે તેમજ સાયંકાળે અવશ્ય પૂજા –ધૂપ –દીપ વિગેરે કરવા.

ગુરુજીને મેં ઘણી વાર કહેતા સાંભળ્યા છે, કે પ્રાત:કાળે રાત અને દિવસનો સંધિકાળ હોય છે અને સંધ્યા સમયે દિવસ અને રાતનો સંધિકાળ હોય છે. આ સંધિકાળમાં માનવીનું મન ખૂબ વિચલિત હોય છે, અને તે નકારાત્મક વિચારવા લાગે છે તો એ વખતે પૂજન –અર્ચન અથવા તો અગ્નિહોત્ર થાય તો મન સ્વસ્થ રહે છે, એટલે સવારે અગ્નિહોત્ર, પૂજા વિગેરે કરવું જોઈએ અને સાંજે પણ અગ્નિહોત્ર કરી ભગવાન પાસે ધૂપ –દીપ કરીને આરતી કરવી જોઈએ.

૩) કયા પુષ્પો, કયા પત્રો, કયા દેવને ચડાવવા એ પણ જણાવ્યું છે. જેમકે વિષ્ણુ ભગવાનને તુલસી તથા બકુલ, ચંપક, મોગરો, જુઈ વિગેરે પુષ્પો ચડાવવા, તેમને આંકડાના પુષ્પ વ્રજવા.
જયારે ભગવાન શિવને આંકડો, ધતુરો, કરેણ વિગેરે ના પુષ્પો ચડાવવા એમ લખ્યું.

ગણપતિને દુર્વા ચડાવવી તેમને તુલસી અર્પણ ન કરવા. જયારે દુર્ગા –શક્તિને દુર્વા ન ચડાવવી.

અલગ અલગ ભગવાનને અલગ અલગ પુષ્પો ચડાવવાનું વિધાન ચેમ તેની પાછળ ચોક્કસ કશું વૈજ્ઞાનિક કારણ હોવું જોઈએ, આપણા પૂર્વજોએ આ લખવા પાછળ કંઈક જરૂર વિચાર્યું હશે જોકે એ વિષયના ઊંડાણનું આપણને જ્ઞાન નથી.

૪) આપણી સંસ્કૃતિમાં હંમેશા બીજાને અન્ન આપીને પછી જ જમવાનું કહયું છે. આપણા માટે જે દૃશ્ય સૃષ્ટી છે તેનાં કરતાં અનેક ગણી અદ્રશ્ય સૃષ્ટી છે. તેનો પણ સ્વીકાર કરીને, બલીનો ગ્રાસ, પિતૃનો ભાગ ગૌગ્રાસ વિગેરે આપીને, અતિથિને ભોજન આપીને પછી જમવાનું કહયું છે. જમતી વખતે પણ આદિત્ય, વસુ, રુદ્ર, બ્રહ્મા વિગેરેનું સ્મરણ કરવું.

ભોજન પણ કાંસ્યપાત્રમાં કરવું ઉત્તમ છે કારણકે તે શરીરમાં ધાતુની પુષ્ટિ કરે છે તેથી એમ લખ્યું છે કે ગૃહસ્થે આવા પાત્રમાં જમવું જયારે યતિ, બ્રહ્મચારી, કે વિધવા સ્ત્રીએ આવા પાત્રમાં ન જમવું, તે તેમના બ્રહ્મચર્ય માં બાધારૂપ બને છે. જમતી વખતે પ્રાણાહુતી આપવાનું પણ મહત્તવ છે જેમાં અન્નને સ્પર્શી ને ગીતાનો શ્લોક, "||અહં વૈશ્વાનરો ભૂત્વા પ્રાણીનામ દેહમાશ્રીત: પ્રાણા પાન સમાયુક્ત: પચામિ અન્ન ચતુર્વિધ્મ ||" અને ત્યાર બાદ પ્રાણાહુતીના પાંચ મંત્ર, પ્રાણાય સ્વાહા, અપનાય સ્વાહા, વ્યાનાય સ્વાહા, ઉદાનાય સ્વાહા, સમાનાય સ્વાહા. એમ બોલવું.પ્રાણાહુતી દેતી વખતે અલગ, અલગ આંગળીઓ દ્વારા તે દેવામાં આવે છે. જેમકે પ્રાણાય સ્વાહામાં મધ્યમાં, અનામિકા અને અંગુઠા થી આહુતિ અપાય છે.

પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ આપણા શરીરમાં રહેલા પંચ પ્રાણ છે. તેને આહુતિ આપવાથી આ પંચ પ્રાણ કાર્યરત થાય છે, અને આપણે જે અન્ન અરોગીયે છીએ તેનું યોગ્ય અને આવશ્યક રીતે પચન થઈ શરીરના અન્ય અવયવો સુધી તે પહોંચે છે. ટુંકમાં વૈશ્વાનર ને જાગૃત કરવાની આ રીત છે.

ભોજન વખતે મૌન રાખવા પાછળ પણ વૈજ્ઞાનિક કારણ છે કે જમતા જમતા બોલીએ તો અન્ન શ્વાસનળીમાં જવાનો સંભવ છે જેથી આપણને તકલીફ થઈ શકે છે.

૫) સુર્યાસ્ત પછીનો સમય તમોગુણ વાળો હોય છે, એટલે ત્યારે ભોજન વિગેરે પતાવીને પછી વેદાભ્યાસ જેવી પ્રવૃતિ કરવી. જેમાં વધારે દોડધામ ન હોય. લગભગ એક પ્રહર એટલે કે ત્રણ કલાક જેટલો સમય વેદાધ્યયન કે ધાર્મિક વાંચનમાં પસાર કરીને પછી શયનખંડમાં જવું. શયનખંડમાં પણ પલંગ કેવો બનાવવો કયારે બનાવવો, કેવા લાકડા લેવા વિગેરનું વિવરણ છે. અમુક પ્રકારના લાકડાનો પલંગ ન બનાવવો એવું લખ્યું છે પરન્તુ તેની પાછળનું કારણ એવું લાગે છે કે બધા લાકડા મજબુત હોતા નથી, અમુક લાકડા બટકણા હોય છે તે માટે ગમે તેવા લાકડા ન લેવા. પરન્તુ સાગ કે સીસમ જેવા ઝાડના મજબુત લાકડાનો પલંગ બનાવવો.

આમ આ અધ્યાયમાં દિનચર્યા દરમ્યાન કરવાના આચાર વર્ણવ્યા છે. તે આચરવાના દરેક નિયમો પાછળ કંઈ સૂક્ષ્મ રહસ્ય રહેલું છે તેની વૈજ્ઞાનિક સ્પષ્ટતા કદાચ સામાન્ય માનવીને ન સમજાય એટલા માટે ધર્મના નામે આચારસંહિતા બનાવીને પ્રસ્તુત કરવામાં આવી છે. દરેક નિયમો પાછળના કારણો જાણવા એ સંશોધનનો વિષય છે, તે જો જાણી શકાય તો લોકો તેનું સમજપૂર્વક પાલન અવશ્ય કરે એમ અમારું માનવું છે.

જયગુરુદેવ.



'ગુરુ ચરિત્ર - ગુરુ પ્રેરણાથી'

(અધ્યાય - ૩૮)

રોહિણીબેન જોશી / પ્રતિભા ચોક્સી, રાજકોટ

૩૬મા તેમજ ૩૭મા અધ્યાયમાં આપણે જોયું કે શ્રીગુરુ બ્રાહ્મણને બ્રાહ્મણોના આચાર, તેમજ કર્મ માર્ગનું નિરૂપણ કરે છે. નામધારકની ગુરુ ચરિત્ર શ્રવણ કરવાની આતુરતા જોઈને સિધ્ધયોગી તેને ભાસ્કર બ્રાહ્મણની ગુરુ ચરિત્ર કથાનું વર્ણન કરે છે.

ભાસ્કર નામનો ગરીબ બ્રાહ્મણ એક દિવસ શ્રીગુરુના દર્શન કરવા આવે છે. ગાણગાપુરમાં શ્રીગુરુના અનેકવિધ ચરિત્રો અને ચમત્કારો જોઈને અનેક ભકતો તેમને કંઈને કંઈ દ્રવ્ય રૂપે, વસ્તુ રૂપે, ધન ધાન્ય રૂપે અર્પણ કરતાં, પરન્તુ શ્રીગુરુ તેનો અંગીકાર ન કરતાં તેથી તે દ્રવ્ય કે ધન – ધાન્યનો ઉપયોગ બ્રહ્મભોજન કે સમારાધના માટે કરવામાં આવતો. આમ ગાણગાપુરમાં રહેતા બ્રાહ્મણોને નિત્ય સમારાધનાનો લાભ મળતો. તે બ્રાહ્મણને પણ લોકો સમારાધનામાં ભોજન કરવા માટે આમંત્રણ આપે છે. બ્રહ્મભોજન થતું જોઈને ભાસ્કર બ્રાહ્મણ પણ મનમાં સંકલ્પ કરે છે કે હું પણ શ્રીગુરુને ભિક્ષા કરાવીશ.તેથી તે સર્વ સામગ્રી લઈને આવ્યો.બધી વસ્તુની પોટલી બાંધી ઓશીકે રાખીને તે નિદ્રાધીન થયો.

રોજ સમારાધના થતી હોવાથી કોઈને કોઈ તેને જમવા બોલાવી જતા તેથી તેનો શ્રીગુરુને ભિક્ષા કરાવવાનો વારો જ ન આવતો, તેથી અન્ય બ્રાહ્મણો તેને ચીડવતા અને તેની હાંસી ઉડાવતા.

બ્રાહ્મણો નિત્ય ભાસ્કરનો પરિહાસ કરતા હતા તે શ્રીગુરુએ સાંભળ્યું. તેથી તેમણે ભાસ્કરને બોલાવ્યો અને કહયું, "આજે તું મને ભિક્ષા કરાવજે". શ્રીગુરુના વચન સાંભળીને દ્વિજને અપાર સંતોષ થયો અને સ્નાન કરી પવિત્ર થઈને તે સ્વયંપાક બનાવવા લાગ્યો. શ્રીગુરુ અન્યને પણ કહે છે કે શીઘ્ર સ્નાન કરીને અહીં જ આવજો જમવા. જેવો સ્વયંપાક તૈયાર થયો કે તરત શ્રીગુરુ બ્રાહ્મણને આજ્ઞા કરે છે કે જા, સમસ્ત બ્રાહ્મણોને બોલાવી લાવ. તે ગયો બ્રાહ્મણોને બોલાવવા પરન્તુ બ્રહ્મણો તેની મજાક મશ્કરી કરે છે, અને આવતા નથી. ત્યારે શ્રીગુરુ અન્ય શિષ્યને બ્રાહ્મણોને બોલાવવા મોકલે છે. સહુ બ્રાહ્મણો સ્નાન કરીને મઠમાં આવે છે, ત્યારે શ્રીગુરુ બ્રાહ્મણોને કહે છે કે આજે ભાસ્કર સમારાધના કરે છે તેથી તમે સહુ સહકુટુંબ અહીં ભોજન કરો, ચાર હજાર પત્રાવળી તૈયાર કરવો.

બ્રાહ્મણે ગુરુપૂજન કરીને પછી ભક્તિભાવપૂર્વક આરતી કરી તેથી શ્રીગુરુ સંતુષ્ટ થયા અને બ્રાહ્મણને કહયું સ્વયંપાક મારી પાસે રાખો, ત્યાર પછી બ્રાહ્મણને આજ્ઞા કરી કે મારું વસ્ત્ર લઈને અન્નને ઢાંકીને મારી પાસે રાખ. રાંધેલા અન્ન પર વસ્ત્ર ઢાંક્યું પછી શ્રીગુરુએ કમંડલનું પાણી લઈ અભિમંત્રીને અન્ન પર છાંટયું, અને બ્રાહ્મણને સમજાવ્યું કે અન્નને ખુલુ ન કરજે વસ્ત્ર નીચેથી કાઢીને અન્ન પીરસજો. ભાસ્કર તેમજ અન્ય બ્રાહ્મણો પણ પીરસવા લાગ્યા. શ્રીગુરુ સહિત સહુ બ્રાહ્મણો જમે છે. સહુ બ્રાહ્મણો ભોજન કરીને તૃપ્ત થાય છે. ત્યાર પછી સમસ્ત બ્રાહ્મણોના પરિવારજનો, શુદ્રાદિ ગામલોકો, સમસ્ત અસ્પૃશ્ય લોકો, પ્રાણીમાત્ર સહુએ ભોજન કર્યું, પછી બ્રાહ્મણે પણ ગુરુ આજ્ઞા થવાથી ભોજન કર્યું, પછી વસ્ત્ર નીચે જોયું તો જેટલું કર્યું હતું તેટલું જ અન્ન બચ્યું હતું. શ્રીગુરુએ ફરીથી ભાસ્કરને કહયું કે હવે આ અન્નને જળમાં નાખીને સમસ્ત જળચરોને પણ તૃપ્ત કરો. આમ શ્રીગુરુની કૃપા થવાથી ચાર હજાર લોકોએ ભોજન કર્યું.

પછી શ્રીગુરુએ ભાસ્કરને તેનું દારિદ્રય દૂર થશે, પુત્ર પૌત્ર થશે, તેવા આશીર્વાદ આપ્યા.

અનેક લોકો વિચારે છે કે અન્ન તો થોડું હતું તો આટલા લોકો જમ્યા કેવી રીતે ? પૂર્વે જેમ ભગવાન શ્રીકૃષ્ણે પાંડવોની લાજ રાખી હતી તેમ શ્રીગુરુએ પણ અન્નપૂર્ણાનું સ્મરણ કર્યું હશે.

બોધ :-

૧) શ્રીગુરુ હંમેશા શિષ્યનો કે ભકતનો ભાવ જુએ છે પછી તે ગરીબ હોય કે તવંગર, તેમની નજરમાં સહુ સમાન છે.

૨) શ્રીગુરુ સર્વ શક્તિમાન છે. તેઓ ધારે તે કરી શકે છે. તેમના સંકલ્પમાત્રથી તેમણે ધરેલા કાર્યો સિધ્ધ થાય છે.

તેલંગ સ્વામી

એક અદ્‌ભુત અસ્તિત્વ

(ભાગ - ૨૧)

શ્રીમતી શુભદા ગર્ગે , નાસિક



રામકૃષ્ણ પરમહંસ એકવાર કાશી આવ્યા. તેમની સાથે રાણીરાસમણીના જમાઈ મથુરાનાથ વિશ્વાસ પણ હતા. તે અરસામાં પરમહંસ ઘણીવાર સમાધિમાં ચાલ્યા જતાં. ત્યારે તેમની ઉપર ધ્યાન રાખવા અને તેમની કાળજી લેવા લોકોની મદદની જરૂર રહેતી. રાણીનો હુકમ હતો કે ઠાકુરને કોઈપણ પ્રકારની હેરાનગતી થવી ન જોઈએ. દિવસરાત તેમનું ધ્યાન રાખવું જોઈએ. બિહારના ઘણા તીર્થસ્થાનોની યાત્રા કરીને બધા કાશી પહોચ્યા હતા.

દશાશ્વમેધ ઘાટ પહોચતાં તેમની આધ્યાત્મિક શક્તિને એક અજ્ઞાત શક્તિ આકર્ષિત કરવા લાગી. તેમને તરત ખ્યાલ આવ્યો કે કોઈ દિવ્ય આત્મા મને આકર્ષિત કરે છે. મંત્રમુગ્ધ થઈને તે ઘાટના કિનારા ઉપર પૂર્વદિશા તરફ ચાલવા લાગ્યા. ઉનાળો હોવાથી તેમની સાથેના લોકો હેરાન થતાં હતા, પણ વિરોધ કરતાં ન હતા. એ સમયે પરમહંસજી મહારાજાધિરાજ હતા, અને મથુરાનાથ તેમના સેવક. પરમહંસજીને જાણે પાંખો ફૂટી હતી. તે ઉઘાડા પગે ઝડપથી ચાલતા હતા અને બાકીનાચપ્પલ પહેરીને. ત્યારે એક અદ્‌ભુત ઘટના ઘટી. સામેથી એક નગ્ન સાધુ હાથફેલાવીને આવતો હતો. તેની પાછળ ઘણા લોકો ચાલતા હતા. નજીક આવ્યા પછી બંને સાધુ એકમેકને એવી રીતે ભેટ્યા જાણે વર્ષોના વનવાસ પછી શ્રીરામ ભરતભેટ થઈ હોય. બંને જણ નિશબ્દ થઈને ફક્ત એકમેકનેનિહાળતા હતા. તે દૃશ્ય અવર્ણનીય હતું.

પરમહંસજીએમથુરાનાથ અને બીજા લોકોને કહ્યું કે, “સાક્ષાત વિશ્વનાથ સામે ઊભા છે અને તમે શાંતિથી ઊભા છો? તેમના આશીર્વાદ લો, અને પોતાનું કલ્યાણ કરો. ફરી તક નહીં મળે.”

પરમહંસજીની વાતો સાંભળી લોકો તેલંગસ્વામીના પગે લાગવા લાગ્યા. મથુરાનાથને પણ ખ્યાલ આવ્યો કે તેલંગસ્વામી કોઈ મહાન વ્યક્તિ હોવા જોઈએ તેનાવગરપરમહંસજી એવું ના બોલે.

તેલંગસ્વામી સાથે આવેલા લોકો અચાનક ઉતાવળથી ઘાટ ચઢવા લાગ્યા. તેલંગસ્વામી પોતાના આસન ઉપર બેઠા, અને પરમહંસજીને આદરપૂર્વક પોતાની પાસે બેસાડયા. બંને જણ એકમેકની સામે બહુ આદરથી જોતાં હતા. તે વખતે ઘાટ ચઢી ગયેલા લોકો ફરાળ માટેની સામગ્રી લઈને આવ્યા.

પરંહંસજીએ તેમના સાથીદારોને પ્રસાદ લેવા કહ્યું. લોકો પ્રસાદ લેવા લાગ્યા, ત્યારે પરમહંસજીમથુરાનાથને કહેવા લાગ્યા, “બાબાજીને હું ખવડાવું. જોઉં કેટલું ખાય છે. કાશી આવીને સાક્ષાત વિશ્વનાથને ભોજન નહીં કરાવું તો યાત્રા સફળ કેવી રીતે થાય?

ત્યાથી પાછા ફરતી વખતે પરમહંસજી વિચાર કરતાં હતા કે ઘણા દિવસો પછી એક સંપૂર્ણ સંતનું દર્શન થયું. કાલીમાતાની સેવા કરતાં હોવાથી બાબાજી કેટલા સુંદર દેખાતા હતા. જેના ઉપર માં જગદંબાની કૃપા હોય તેને શેની ચિંતા?” છેલ્લું વાક્ય તે અજાણતા મોટેથી બોલ્યા. મથુરાનાથે આશ્ચર્યથી પૂછ્યું, ”તમને કેવી રીતે ખબર પડી કે તેલંગસ્વામી કાલીમાતાના ભક્ત છે. આપ તો તેમના આશ્રમમાં પણ ગયા નથી.”

પરમહંસજી બોલ્યા, ”કાલીમાતાનાં ભકતોમાં જે લક્ષણો દેખાય છે તે બધા લક્ષણો તેલંગસ્વામીમાં દેખાય છે. મારી નજરેથી કશું છૂટતું નથી. બાબાજી અસામાન્ય યોગી છે. તેમને ભેટતાંજ મને ધ્યાનમાં આવ્યું. છેલ્લા ૩૦૦ વર્ષથી એમના જેવા યોગી જોયા નથી. તેમને શરીરનું ભાનજ નથી. જે રેતમાં ચાલવાની તમને બધાને મુશ્કેલી થતી હતી તે રેતીમાં તે ઉઘાડા સૂતા હતા. તેના પરથી તેમનું અસામાન્યત્વ સિદ્ધ થાય છે. “

એકે પૂછ્યું," તે નિર્વસ્ત્ર કેમ ફરે છે? બધુ નહીં તો લંગોટી તો પહેરવી જોઈએ."

પરમહંસજી બોલ્યા,"તેલંગસ્વામી જેવા મહાત્મા એવીરીતે જ રહે છે. કેટલીયે સાધના, કેટલું તપ! તે દેહભાવની પરે ગયા છે. જે લોકો તેમની સેવા કરે છે, તેમની ઉપર શ્રદ્ધા રાખે છે, તેમનું હમેશા કલ્યાણ થશે. તેમનું શરીર સામાન્ય માણસ જેવુ ભલે હોય પણ તેમનું કર્મ અફાટ છે. તેમણે શિવત્વ પ્રાપ્ત કર્યું છે. કાશીવિશ્વનાથ અને તેલંગસ્વામી એકજ છે."

તે પછી પરમહંસજી ઘણીવાર તેલંગસ્વામીના આશ્રમમાં આવતા. બંને શાંતિથી બેસી રહેતા. તેમની મૌનની વાતો શિષ્યોનેસમજાતી ન હતી. એક દિવસ લોકોએ ઘાટઉપર એક વિચિત્ર દૃશ્ય જોયું. પરમહંસજી સાથે ઘણા લોકો હાથમાં અને માથા ઉપર મોટા મોટાવાસણો ઊંચકીને ચાલતા હતા. તે બધા તેલંગસ્વામીના આશ્રમની દિશાએ જતાં હતા. તેલંગસ્વામી ઘાટ ઉપર સૂતા હતા. પરમહંસજીને જોયા પછી તે ઉઠ્યા. પરમહંસજી તેમની નજીક જઈને બોલ્યા,"આજે હું મારા વિશ્વનાથને ખીર ખવડાવીશ. જોઉ છું કેટલી ખીર ખાય છે! સ્વામીજીએ તે સાંભળ્યા પછી સ્મિત કર્યું અને નીચે બેઠા.

પરમહંસજી વાટકો ભરીભરીને તેમને ખીર ખવડાવવા લાગ્યા. જોતજોતામાં તેલંગસ્વામીએ વીસ લિટર ખીર ખાધી. લોકો આશ્ચર્ય પામી ગયા. સ્વામીજીના શિષ્યોને કશું અજુગતું લાગ્યું નહીં. તેમને ખબર હતી કે પ્રેમથી અને શ્રદ્ધાથી સ્વામીજીને કાઈપણ અને કેટલુયે ખવડાવીએ તો તે ખાતા હતા. પછી કદાચ એક બે અઠવાડીયા કઈજ ખાતા ન હતા.

સ્વામીરાજ વૈદ હોય તો રોગ આપમેળે દૂર થાય......

(પાનાં નં ૧૦ ચાલુ)

પછી કેશવરાવે અક્કલકોટમાં ઘટેલી ઘટનાને ડોક્ટરને કહી સંભળાવી. ડો.ટૉડે બધુ સાંભળી લીધું. તેમણે તે વાતને જરાય મજાકમાં ન લીધી. તેમને શ્રી સ્વામીસમર્થ વિષે કોઈપણ જાણકારી ન હતી. છતાંય તેમણે તે ઘટનાની ગંભીરતાની નોંધ લીધી. બાળકનો પગ કાપવો પડે એવી સ્થિતિમાથી પંદર દિવસમાં ઈજાનું કોઈ નામોનિશાન ન રહ્યું એવું કેવી રીતે બની શકે? ડોક્ટરને ઉત્સુકતા હતી. તેમણે તરત "એનાલાઈઝર" ને તૈયાર કરીને અક્કલકોટ મોકલ્યા. અને હાથીખાનામાંથી હાથીની લઘુશંકાની માટી લાવીને તપાસી. તેનું સંશોધન કર્યું. આ તપાસમાં તેમને કોઈપણ દવાની હાજરી મળી નહીં. મહારાજને આ વાત કહેવામા આવી. ત્યારે મહારાજ જે બોલ્યા, તે વાંચ્યા પછી કોઈપણ વિસ્મિત થયા વગર રહે નહીં. મહારાજે ટોડને કહ્યું," કર્નલ સાહેબને જણાવો અને કહો, ટોડસાહેબ, તમે ગોડને ભૂલી ગયા. ગોડે દવા લગાડી. પુત્ર સાજો થયો."

(સંદર્ભ : અક્કલકોટ નિવાસી શ્રી સ્વામીમહારાજના પુરાતન મઠની ચરણપાદુકા. લેખક શ્રી સંજય વેડ્ગુર્લેકર.)

તેલંગ સ્વામી

એક અદ્‌ભુત અસ્તિત્વ

(ભાગ - ૨૨)

શ્રીમતી શુભદા ગર્ગે , નાસિક



ઈ.સ. ૧૮૨૦ ની શરૂઆત થઈ. ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું રાજ આવ્યું. ગંગાની પેલે પાર કાશીનરેશનું રાજ્ય હતું. આસપાસના અનેક રાજાઓ અને નવાબોને બનારસમાં નજરકેદ કરવામાં આવ્યા. આખું શહેર શાંત થયું હતું.

તે સમયે ઉજ્જૈનના રાજા કાશીના રાજા પાસે આવ્યા. કાશીની સુંદરતા બતાવવા કાશીનરેશ તેમને નાવમાં બેસાડીને નીકળ્યા. બંને રાજાઓ દશાશ્વમેધ ઘાટપર થોડીવાર વિસામો લીધા પછી બિંદુમાધવ તીરે રોકાયા. ત્યાં તેમને તેલંગસ્વામી દેખાયા.

ઉજ્જૈનના રાજાએ તેમની પૂછપરછ કરતાં, તેલંગસ્વામી સિદ્ધયોગી હોવાનું કાશીનરેશે જણાવ્યુ. ઉજ્જૈનના રાજાએ તેમને મળવાની ઈચ્છા જણાવી. કેવટે હોડીને કિનારા પાસે લેતાંજ તેલંગસ્વામી હવામાં ઉડીને હોડીમાં આવીને બેઠા, અને બંને રાજાએ બોલવાનું કહ્યું.

ઉજ્જૈનના રાજાએ હવામાં ઊડતી વ્યક્તિ જોઈ ન હતી. એ ચમત્કાર જોઈને હોડીમાં બેઠેલાં બધા લોકો આશ્ચર્ય પામ્યા. થોડી ક્ષણો પછી ભાનમાં આવીને બંને રાજાએ સ્વામીજીને વંદન કર્યું. ઉજ્જૈનના રાજા બોલ્યા," સ્વામીજી, માનવ પૃથ્વીપર જનમ લઈને બધા સુખ દુ:ખ ભોગવે છે. પછી તેની ગતિ શું છે? " સ્વામીજી બોલ્યા, "જેમ અગનજ્વાળાંમાંથી હજારો તણખલાં ઊડે તેમ પરમાત્મા હજારો જીવને જન્મ આપે છે. બધા જીવો છેવટે તો બ્રહ્મમાં વિલીન થાય છે. જ્યાંથી ઉત્પત્તિ ત્યાંજ સમાપ્તિ. એટલેજ નિશ્ચિત છે કે જીવાત્મા અને આત્મા એકજ પરમાત્માનાં રૂપ છે. જ્ઞાની લોકો જાણે છે કે આત્મા, જીવાત્મા અને પરમાત્મા એકજ છે."

ઉજ્જૈનના રાજાએ પૂછ્યું, "આપ સિદ્ધ પુરુષ છો. આપને ઈશ્વરનો સાક્ષાત્કાર થયોજ હશે. તો ભગવાનના રંગરૂપ કેવા છે તે કહેશો?"

"ભગવાનનું રૂપ!" તેલંગસ્વામી બોલ્યા, "વિશ્વમાં જે વિવિધ રૂપો છે તે ભગવાનના રૂપમાંથીજ આકાર પામ્યા છે. સાક્ષાત ઈશ્વરના રૂપ સાથે કોઇની સરખામણી ન થઈ શકે. તે જ્યોતિર્મય આનંદસ્વરૂપ છે. તેથી તેને વિશ્વરૂપ કહે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને બીજા દેવીદેવતા એટલે તેના સ્થૂળ રૂપો છે. સ્થૂળરૂપનું ધ્યાન કર્યાવગર સૂક્ષ્મરૂપનું દર્શન થતું નથી. તેથી સ્થૂલની આરાધના કરવી પડે છે. સૂક્ષ્મ રૂપની આરાધના કરતાં કરતાંજ વિશ્વરૂપની અનુભૂતિ થાય છે. જેણે એનો અનુભવ લીધો ન હોય તેને તેની મધુરતા કેવી રીતે કહેવાય, અને જેણે અનુભવ લીધો હોય તે સંપૂર્ણ રીતે વર્ણન પણ કેવી રીતે કરે. ઈશ્વર શબ્દાતીત છે." કાશીનરેશ બોલ્યા, "સામાન્ય માણસ જો ભગવાનનું રૂપ જોઈ શકતો ન હોય તો તેનું જીવન નિરર્થક છે. માણસ પણ એક ઈશ્વરની નિર્મિતિ છે ને?"

તેલંગસ્વામી બોલ્યા, "બરાબર છે. બધા પ્રાણીમાત્ર પરમાત્માએજ નિર્માણ કર્યા છે. પણ નિરર્થક કશુંજ નથી. દરેક માનવ એટલે એક ગ્રંથ છે. ગર્ભ એટલે પ્રસ્તાવના, કર્મફળ એટલે ગ્રંથસૂચી, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, યુવાની, ઘડપણ એટલે ગ્રંથના અધ્યાય. જીવનનું સારું ખરાબ કર્મ એટલે ગ્રંથનો અભ્યાસ અને દિક્ષા લેવી એટલે ગ્રંથનું વિજ્ઞાન. ગરીબ માણસ એટલે સામાન્ય પુસ્તક. રાજા, મહારાજા, જમીનદાર, પૈસાદાર લોકો એટલે મજબૂત ગ્રંથ. અલ્પજીવી, સામાન્ય જીવન જીવી ગયા તે નાનાંપુસ્તકો, દીર્ઘાયુષી, મહાન કાર્ય કરવાવાળા લોકો એટલે મહાન ગ્રંથ. જે બધુંજ માણસજાતે વાંચવુંજ જોઈએ. જે પોતે કશું ન કરતાં ફક્ત ઉપદેશ આપે છે તે 'વ્યાકરણ' હોય છે, જે લોકો રાજામહારાજાની વાતો કહીને સમાજને પ્રેરણા આપવાનું કાર્ય કરે છે તે'ઇતિહાસ', જે વ્યક્તિ નફાનુકસાનનું મૂલ્યાંકન કરે છે તે 'ગણિત' હોય છે, તો જે જડત્વની વાતો કરે તે 'ભૂગોળ' છે. જે લોકો હસવા-રમવામાં સમય પસાર કરે છે તે 'નાટક' હોય છે તો જે વ્યક્તિ દયા, સત્ય, પરોપકાર, નિષ્ઠા, ધર્મચર્ચામાં સમય પસાર કરે તે 'ધર્મશાસ્ત્ર' હોય છે. ઈશ્વરનું ચિંતન કરવું જે લોકોનો મુખ્ય ઉદ્દેશ છે તે 'યોગશાસ્ત્ર' હોય છે. દરેક માણસ એક ગ્રંથ છે. ગ્રંથનો અંત હોય છે, તેમ માનવને મૃત્યુ હોય છે, તે વાત કાયમ ધ્યાનમાં રાખવી જોઈએ.

ક્રમશ:



સ્વામીરાજ વૈદ હોય તો રોગ આપમેળે દૂર થાય......

(લેખાંક ૭)

કેશવ નાઈક કરંડેને શ્રીના કૃપાશીર્વાદ મળ્યા. શ્રી સ્વામી પાસેથી પાદુકા અને બીજી વસ્તુઓ મળી. તેકેશવ નાઈકના સમયમાં. તે પાછળની પૃષ્ઠભૂમિ પણ અદ્ભુત છે. કેશવ નાઈકના ઘરે તા. ૨૫ જૂન ૧૮૭૨ ના દિવસે પુત્રનો જન્મ થયો. તેનું નામ રામચંદ્ર રાખવામા આવ્યું. રામચંદ્ર દોઢ વર્ષના હતા ત્યારે તેમના ડાબા પગમાં ઈજા થઈ. તે ઈજા મટતી ન હતી. તે સમયમાં એલોપેથીની દવાઓ મળતી ન હતી. છતાંય પરદેશી સાહેબોમાં ડોક્ટર હતા. યુદ્ધપ્રસંગ પછી ઈંગ્લેંડથી મોટામોટા શસ્ત્રક્રિયા વિશારદ મુંબઈ આવ્યા હતા. ભારતમાં પણ અનેક ડોક્ટર શિક્ષણ મેળવતા હતા. કેશવ નાઈક તેમના પુત્ર રામચંદ્રને જે.જે.હોસ્પીટલમાં લઈને ગયા. નાઈક કુટુંબની ઓળખાણ પણ ઉપરસુધી હતી. તેમણે હોસ્પિટલના ડીન સાથે વાત કરી. ડીન કર્નલ ટોડહંટર નિષ્ણાત ડોક્ટર અને સર્જન હતા. તેમણે નાઈકના પુત્રની સાવચેતીપૂર્વક તપાસ કરીને કહ્યું કે સેપ્ટિક વધી શકે છે. તાત્કાલિક ઓપરેશન કરવું એજ ઉપાય છે. બીજો કોઈ ઉપાય કરવાથી લાભ થશે નહીં. હું એક કામ કરું છું, ત્રણ સર્જન અને ત્રણ નિષ્ણાત ફિજીશિયન એવા છ જણની સમિતિ બનાવું છું. તેમના દ્વારા તમારા પુત્રની ચકાસણી કરાવી લઉં છું. ટોડહંટર ફક્ત બોલ્યા જ નહીં, તો તેમણે તરતજ છ ડોક્ટરની કમિટી બનાવી. તે બધાએ નાઈકના પુત્રને તપાસીને પછી નિર્ણય જણાવ્યો કે તત્કાળ ઓપરેશન કરવું પડશે. સમય વેડફવો નહીં. નહીં તો સેપ્ટિક વધશે. શરીરમાં પ્રસરશે તો પુત્રનું બચવું મુશ્કેલ છે. પગ કાપવો પડશે. પગ જશે પણ જીવ બચી જશે. કર્નલ સાહેબે પગનું ઓપરેશન કરવા માટે તારીખ આપી. તે તારીખ પહેલા એક દિવસ પુત્રને હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો. કેશવજી હતાશ થઈને ઘરે પાછા ફર્યા. સ્વામીમહારાજને પ્રાર્થના કરતાં કરતાં તેમણે પોતાના મનને મજબૂત કર્યું. ફક્ત દોઢ વર્ષના પુત્રનો પગ કાપ્યા પછી આખી જિંદગી કેવી રીતે વિતાવશે? કેવી રીતે ફરશે? તે પહેલા તેમણે નક્કી કર્યું કે પુત્રને સ્વામીમહારાજના ચરણે મૂકવું. મુંબઈથી સોલાપુર તે રેલ્વેમાં ગયા. સોલાપુરથી અક્કલકોટ. ગામમાં પૂછ્યું તો ખબર પડી કે મહારાજ ભક્તો સાથે વડલા નીચે બેઠા છે. કેશવરાવ સ્વામીમહારાજને મળવા ઉતાવળા થયા. શ્રીને જોતાંજ તેમની આંખમાં આંસુ આવ્યા. પુત્રને લઈને તે શ્રીના ચરણ નજીક ગયા. સાષ્ટાંગ વંદન કર્યું. પછી પુત્રને આગળ ધરતાંજ તે સૃષ્ટિનિર્માતાએ પુત્રને ખોળામાં લીધો.

કેશવજીએ શ્રીને પુત્રના પગની ઈજા બતાવી. શસ્ત્રક્રિયાબાબત જણાવ્યુ. તે કહેતા કેશવજી લાગણીવશ થયા. તેમની આંખોમાથી આંસુ વહેવા માંડ્યા. શ્રી સ્વામીરાયે પુત્રનો ઈજાઓથી ભરેલો પગ જોયો. ધીરેથી ડોક ઉપર કરી. વ્યથિત પિતાના આંખોમાંથી વહેતા આંસુ જોયા ને બીજીજ ક્ષણે તે દયાઘને કૃપાનો વરસાદ શરૂ કર્યો. તે બોલ્યા, " શસ્ત્રક્રિયાનું પછી જોજો. અત્યારે નજીકના હાથીખાનામાં એક હાથી લઘુશંકા કરે છે. તે લઘુશંકાથી ભીની થયેલી માટીને ભેગી કરો. અને તે પુત્રના પગે જ્યાં ઈજા થઈ છે ત્યાં લગાડો. એવું દસ દિવસ કરો પછી જોઈશું."

શ્રી સ્વામી સમર્થની આજ્ઞા થતાંજ કેશવજીએ તરત હાથીખાનામાં જઈને ત્યાં હાથીની લઘુશંકાથી ભીની થયેલ માટી લઈને પુત્રના પગમાં લેપ કર્યો. થોડા દિવસો પછી ઈજા મટી ગઈ. દસ દિવસમાં ઈજા મટી ગઈ. પુત્રનું સાજા થવું તે સમયના વૈદ્યક શાસ્ત્ર માટે એક પડકાર હતો. ઓપરેશનની તારીખનાં એક દિવસ પહેલા કેશવજી પુત્રને લઈને ડો.ટોડહંટર પાસે ગયા. તેમણે પુત્રની તપાસ કર્યા પછી તેઓ વિસ્મિત થયા અને બોલ્યા," તમારા પુત્રની ઈજા સંપૂર્ણ રીતે મટી ગઈ છે. હવે ઓપરેશનનો વિચાર પણ ન કરશો. અભિનંદન ! પણ મને કહો, તમારા પુત્રના પગની ઈજા મટાડવા માટે તમે શું કર્યું ? કઈ દવા લગાડી ? તે અમને કહો. તો બાકીના દર્દીઓ માટે અમને તેનો ઉપયોગ થશે"

(જુઓ પાનાં નં. ૮)

(લેખાંક ૮)



સ્વામીરાજ વૈદ હોય તો રોગ આપમેળે દૂર થાય

અત્યારસુધી સ્વામી હયાત હતા તે સમયની વ્યાધિ નિવારણની કથાઓ વાંચી. પણ સમાધી સમયે "હમ ગયા નહીં જિંદા હૈ" વચનની સત્યતા પારખનારી કથાઓ જે આજે આપણી આસપાસ અત્યારના સમયમાં પણ ઘટિત થાય છે. તેમાંની આ એક કથા.

સ્વ. નંદુ હોનપ એટલે દત્તસંગીતને પડેલું એક સુંદર સ્વપ્ન છે એવું કહી શકાય. દત્ત અને શ્રી સ્વામી સમર્થના પરમભક્ત એવા હોનપે ઘણા દત્ત અને સ્વામી ભજનોને સ્વરબદ્ધ કરીને તેમને અમર કર્યા છે. "નિઘાલો ઘેઉન દત્તાચી પાલખી " ફક્ત બોલીએ તોય દત્તભક્તો રોમાંચિત થાય છે. તેમજ "ડોળિયાત ગંગા જાહલી બોલકી "જેમ તેમની અવસ્થા થાય છે એવી તેમની પ્રતિભા છે. તેમણે પોતાને સ્વામીભક્તિ અને સ્વામીના અનુભવોમાં ગૂંથી લીધા હતા, એવું સાંભળીને આપણને આશ્ચર્ય થાય છે. આપણા દેવરુખ આશ્રમમાં તેમના કાર્યક્રમમાં વર્ણવેલો તેમનો અનુભવ...

સ્વ.નંદુ હોનપ વાયોલીન વાદક હતા. તે વાદ્ય તેઓ ઘણું સરસ રીતે વગાડતાં. પછી તે મોટાં સંગીત દિગ્દર્શક બન્યા. તેમને ઘણા સમયથી મધુમેહની વ્યાધિ હતી. એક દિવસ ઘરમાં જમ્યા પછી વાસણ સાફ કરતી વખતે તેમના જમણા હાથની તર્જનીને એક વાસણની કિનારથી ઈજા થઈ. પણ હોનપે તે ઈજા તરફ બહુ

ધ્યાન આપ્યું નહીં. થોડા દિવસ પછી ધ્યાનમાં આવ્યું કે નાની ઈજાએ હવે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. ઘા રુઝાતો નથી. તેઓ તાત્કાલીક ડોક્ટર પાસે ગયા. ડોક્ટરે તપાસીને કહયું કે ઘા માં પસ થયો છે અને ગેંગરીન થયું છે તેથી આંગળી કાપવા સિવાય શાસ્ત્રમાં બીજો કોઈ ઈલાજ નથી. હોનપકાકા ગભરાયા. આંગળી કાપવી પડે તો વાયોલીન કેવી રીતે વગાડવાનું? મારા સંગીતનું શું થશે? જે ઉપર આર્થિક મદાર છે તે જાય તો જીવીશ કેવી રીતે? મોટો આઘાત લાગ્યો. ડોક્ટરે કહ્યું હવે રાહ જોવી હિતાવહ નથી. આવતીકાલે ઓપરશન કરવું પડશે. શુશ્રૂષા દવાખાનું નક્કી થયું. બીજા દિવસે સવારનો સાત વાગ્યાનો સમય નક્કી થયો. સાત વાગે એડમિશન અને આંઠ વાગે ઓપરેશન. આગલા દિવસથી હોનપનું મન ઉદાસ હતું. બેચેન હતું. જે વાયોલીનપર આટલો બધો પ્રેમ કર્યો તે હવે વગાડી નહીં શકાય એ કલ્પના પણ તેમનાથી સહન થતી ન હતી.

રાત થઈ. ઘણી મુશ્કેલીથી તેઓ પોતાની પથારીમાં આડા પડ્યા. શરીરમાં ઉચાટ વ્યાપ્યો હતો. ઊંઘ આવતી ન હતી. સવાર થવીજ ન જોઈએ એવું લાગતું હતું. રાતે બે વાગ્યાની આસપાસ ઊંઘ આવી. આશરે ત્રણ વાગ્યા હશે. એક અલગજ પ્રકાશથી તેમની ઊંઘ ઊડી. આંખો ખોલી તો સામે સાક્ષાત શ્રી સ્વામી સમર્થ. નરી આંખે જોતાં હતા હોનપકાકા. પાછલાં કેટલા કલાકોની ઉદાસીનતા એક ક્ષણમાં દૂર થઈ. તેઓ મૂંઝાઇ ગયા. સ્વામીએ તેમના ખભા ઉપર હાથ મૂકીને તેમને પથારીમાંજ બેસવાનું કહ્યું. એક ખૂણામાં પડેલી પતરાંની ખુરસી સ્વામીએ પોતાના હાથેથી પથારી પાસે ખેંચી લીધી. અને સાક્ષાત જગન્નીયંતા તે ખુરસીપર બેઠા. તેમણે ધીમેથી હોનપની પાટો બાંધેલી આંગળી પકડી. તેનાપર પોતાનો મુલાયમ હાથ ફેરવ્યો. બે ચાર વાર થપથપાવ્યો, અને કહ્યું "ગભરાઈશ નહીં, હવે સૂઈ જા." આ બધું હોનપની આંખો સામે બન્યું હતું. હાથનો દુખાવો બંધ થયો. હાથ હલકો થયો. આ બધુ કહેતી વખતે નંદુ હોનપનાં આંખમાથી અશ્રુધારા વહેવા લાગી.

એક ક્ષણમાં હોનપ શાંતિથી સૂઈ ગયા. પછી શું થયું તેમને ખબર નાં પડી. સવારે ઉઠ્યા ત્યારે છ વાગ્યા હતા. ત્વરાંથી નાહીધોઈને તે બરાબર સાત વાગે દવાખાનામાં પહોંચ્યા. ત્યાં કર્મચારીઓએ તેમની નોંધ લીધી. થોડીજવારમાં ઓપરેશન માટે ડોક્ટર આવ્યા. હોનપે ડોક્ટરને વિનંતી કરી કે ડોક્ટરસાહેબ જરા આંગળી ફરીથી તપાસી લેજો. ડોક્ટરને લાગ્યું કે હોનપ ગભરાયા છે. તે હસીને બોલ્યા, " આપણે ગઈકાલેજ આંગળી તપાસી હતી. એક રાતમાં શું થવાનું છે ? " છતાંય હોનપે જીદ પકડી અને કહ્યું, "ના ડોક્ટર, કૃપા કરીને ફરીથી તપાસી લો." અનિચ્છાથી ડોક્ટર તૈયાર થયા. ઓપરેશન માટે થોડું મોડુ થશે એવું નિશ્ચિત થયું. તપાસ પૂરી થઈ અને ડોક્ટર સાથે દવાખાનામાં બધાજ આશ્ચર્ય પામ્યા. હોનપની આંગળીને થયેલું ગેંગરીન મટી ગયું હતું. આંગળી પૂર્ણ રીતે તંદુરસ્ત થઈ હતી. હવે ઓપરેશનની જરૂર ક્યાં હતી? હોનપ ખુશીથી પોતાના ઘરે પાછાં ફર્યા અને આશ્ચર્ય પામેલા ડોક્ટર પોતાની જગ્યાએ.

પછી બોલવુજ રહ્યુંને , "સ્વામીરાજ વૈદ હોય તો રોગ આપમેળે દૂર થાય......

સ્વામી વિવેકાનંદ અને ધ્યાન

(લેખાંક ૨જો)

મનની ચંચળતા

છેલ્લા અંકમાં આપણે સત્યને શોધવા સુધી આવ્યા હતા. આજે તેનો આગળનો ભાગ જોઈએ.

મનને સંયમીત રાખવું કેટલું કઠિન હોય છે? તેથી મનને કોઈ રઘવાયા થયેલા વાંદરાની સાથે સરખાવ્યું છે. એક વાંદરો હતો. બીજા વાંદરાઓની જેમ એ પણ ઊછળકૂદ કરતો હતો. આટલું ઓછું હોય તેમ કોઈએ તેને દારૂ પીવડાવી. તેના પછી તે વધારે રઘવાયો થયો. તેવામાં તેને એક વીંછી કરડી ગયો. માણસને પણ વીંછી કરડે એટલે તે દિવસે માણસ આખો દિવસ કુદકા માર્યા કરે છે, અસ્થિર થતો જાય છે. બિચારા વાંદરાની સ્થિતિ એકદમ દયનીય થઈ. તે શાંતિથી બેસી શકતો ન હતો. તે સમયે એક ભૂતે તેનામાં સંચાર કર્યો. હવે તેની સ્થિતિ કોણ અને કયાં શબ્દોમાં વર્ણવે? માનવી મન પણ તે વાંદરા જેવુંજ હોય છે. હંમેશા ઉછળતું હોય છે. મનનો સ્વભાવધર્મજ છે. તેમાં તેને વાસનાનો નશો ચડે એટલે તેની દશા કેવી થાય? વાસના પછી આવે ઈર્ષાનો નંબર. વીંછીએ મારેલા ડંખની જેમ ઈર્ષાનો ડંખ માનવી મનને નચાવ્યા કરે છે. અને તેમાં પછી અહંકારનું ભૂત ભળે ત્યારે તે માનવી મનને કોરી ખાય છે અને પછી તે પોતાના સ્વાર્થ ખાતર અને અહંકારને લીધે ગાંડોતુર થાય છે. પોતાની જાત ઉપર નિયંત્રણ ખોઈ બેસે છે. પછી તેને કેવી રીતે સંયમીત કરવું? કેવી રીતે સંભાળવું?

એક મોટો પડકાર

યોગશાસ્ત્રમુજબ માનવી અસ્તિત્વમાં ત્રણ પ્રમુખ નાડીઓ છે. એકને આપણે ઈડા કહીએ છીએ તો બીજીને પિંગળા. અને બેની વચ્ચે સ્થિત સુષુમ્ણા નાડી. આ બધીજ નાડીઓ માણસના શરીરના મેરુદંડની વચ્ચે હોય છે. ઈડા અને પિંગળા તંતુના જાળાથી બનેલી છે. તો વચ્ચેની સુષુમ્ણા અંદરથી પોલી છે. તેમાં તંતુ નથી હોતા. આ નાડી સામાન્યત: સુષુપ્ત છે. અને સામાન્ય માણસમાં આ નાડીનું વિશેષ કાર્ય હોતું નથી. તેનાં શરીરના બધા કામ ઈડા અને પિંગળા એ બે નાડીઓથી થતાં હોય છે. આ નાડીઓ દ્વારા સંદેશાની અવરજવર થતી હોય છે. મગજ પાસેથી બીજા અવયવો સુધી અને અવયવોથી મગજ સુધી.

આપણી સામે એક મોટો પડકાર હંમેશા હોય છે. પોતાના વિચારોને કાબુમાં લાવવાનો મોટો પડકાર. આપણાં દુષ્કર્મો ભલે આપણે જાગૃત અવસ્થામાં કરતાં હોઈએ છતાંય તે કર્મો પાછળની બધી પ્રેરણા એ જાગૃત અવસ્થાની પેલે પાર મન, બુદ્ધિ અને અંત:કરણથી તૈયાર થતી હોય છે. આપણાં અંતર્મનમાં આપણાં અસ્તિત્વના અદૃશ્ય અને અજ્ઞાનના ભાગમાં આ બધો ખેલ ચાલતો હોય છે.

આપણી અધ્યાત્મની પાઠશાળાના પોતાના અંતર્મનપરનો સંયમ એ પહેલો પાઠ. તેના પછી આવે જાગૃત મનની પેલે પાર જવું. એનો અર્થ એવો કે આપણને બે જગ્યાએ એકજ સમયે કામ કરવું પડે છે. પહેલું કામ એટલે ઈડા અને પિંગળાનું કાર્ય સહજ રીતે ચાલુ રાખવું જેથી આપણાં અંતર્મનને આપણે સંયમીત કરી શકીએ. અને બીજું કાર્ય એટલે જાગૃત મનની પેલે પારની અવસ્થા પાર કરવી.

યોગી તેને કહેવાય જે પોતાની સાધનાથી આત્મમગ્ન થઈને પોતાના અંતિમ સત્યની દિશામાં આગળ વધે છે. હવે સુષુમ્ણા નાડી ખૂલે છે અને ચેતનાનો મોટો પ્રવાહ આ નવા માર્ગથી ઉપરની દિશા તરફ વહે છે અને જુદાજુદા ચક્રને ભેદીને ચેતનાનો પ્રવાહ છેવટે આપણાં મગજમાં સ્થિર થાય છે. તે ક્ષણે યોગીને પોતાનું મૂળ સ્વરૂપ સમજાય છે. તેને પોતાની અંદર રહેલા દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે.

ધ્યાન માટેનું વાતાવરણ :

આપણામાંથી જેમને શક્ય છે તેમણે ધ્યાન માટે એક અલગ જગ્યા રાખવી જોઈએ. તે ઓરડામાં ક્યારેય સૂવું નહીં. તે જગ્યાને હંમેશા પવિત્ર રાખવી. સ્નાન કર્યાવગર અથવા શરીરને શુદ્ધ કર્યાવગર ક્યારેય તે ઓરડામાં પ્રવેશ કરવો નહીં. મન અને શરીર બંને શુદ્ધ હોવા જોઈએ. તે કક્ષમાં હંમેશા ફૂલો રાખવા, જે યોગીને ખુશ રાખે છે. મનને ગમે એવા ચિત્રો એ ઓરડામાં રાખવા જોઈએ. સવાર સાંજ ત્યાં ધૂપ કરવો જોઈએ જેથી વાતાવરણ સુગંધિત રહે. આ ઓરડામાં ક્યારેય ઝગડો કરવો, મોટેથી વાતો કરવી, ગુસ્સો કરવો નહીં. પોતાના વિચારો સાથે સમરસતા ધરાવતા લોકોનેજ ત્યાં પ્રવેશ આપવો. આ બધી વાતોથી તે ઓરડામાં પવિત્ર અને સાત્વિક વાતાવરણની નિર્મિતિ થશે. તેથી જ્યારે ઉદાસીનતા, નિરાશા, અશ્રદ્ધા મનમાં જાગે ત્યારે એ પવિત્ર ઓરડાને ફક્ત યાદ કરવાથી મનમાં ઉત્સાહ જાગશે. મન શાંત થશે. મંદિર અને ચર્ચ જેવા ધર્મસ્થળો પાછળ મૂળ કલ્પના એજ હતી. પણ આજે આપણે જોઈએ તો મૂળ કલ્પનાજ ખોવાઈ ગઈ છે. અસ્વસ્થ મનને શાંત કરીને સ્વસ્થ કરવાનું કાર્ય આ મંદિરોએ કરવું જોઈએ. જેમને ત્યાં અલગ ઓરડાની વ્યવસ્થા થવી શક્ય નથી, તેમણે કોઈ પણ જગ્યાએ ધ્યાન કરવું.

ક્રમશ:

સ્વામી વિવેકાનંદ અને ધ્યાન : (પાનાં નં ૧૪ થી ચાલુ)

પહેલો પાઠ:

થોડો સમય શાંતિથી બેસવું, અને મનને ઢીલું છોડવું. મન ચંચલ હોય છે. તે ઊછળતું રહે છે. તે કોઈ વાનર જેવુ હોય છે. તે વાનરને જેટલી ગુલાંટ મારવી હોય તેટલી મારવા દો. આપણે ફક્ત શાંતિથી જોયા કરવાનું. સમજણ એજ સામર્થ્ય હોય છે તે વાત યાદ રાખવી. કારણ કે તે સત્ય છે. જ્યાંસુધી મન શું શું કરે છે તે સમજાય નહીં ત્યાંસુધી આપણે તેને કાબુમાં લાવી શકીએ નહીં. તેને થોડી મોકળાશ આપો. તેમાં પુષ્કળ વિચારો આવશે તેની આપણને ખબર જ નથી. પોતાને આશ્ચર્ય થઈ શકે કે આપણાં મનમાં આવા વિચારો હોઈ શકે? પણ થોડા દિવસો વિત્યા પછી ધ્યાનમાં આવશે કે મનની લહેરો ધીમેધીમે ઓછી થાય છે. મનનો ઉછાળ ધીમેધીમે શાંત થાય છે. અને દર દિવસે મન શાંત થતું જાય છે.

સતાવતી અને ભટકાવતી દરેક વાત હવે છોડી દો. બૌદ્ધિકતાના કઠોર શબ્દોની જાળમાં ફસાવું નહીં. જ્ઞાનની શબ્દજાળમાં આપણે ફક્ત ગૂંચવાઈ જઈએ છીએ. મન અસ્વસ્થ થાય છે. અસમતોલ થાય છે. શબ્દ અને જ્ઞાનના સામા માર્ગપરના આ અવરોધો હોય છે. પોતાની સાથે ચાલતો નિરર્થક સંવાદ હવે બંધ કરવો. જે લોકોને ખરેખર આત્મસાક્ષાત્કાર થયેલ છે, તેમના ગ્રંથ વાંચવા. બીજું સાહિત્ય વાંચવાની જરૂર નથી.

હવે વિચાર કરવો:

સંપૂર્ણ ધ્યાન પોતાના શરીરપર રાખવું અને જોવું કે આપણું શરીર કેટલું સ્વસ્થ છે, કેટલું મજબૂત છે. સાધનાનું આ એક મહત્વનુ સાધન છે. પોતાના શરીરની શક્તિનો ખ્યાલ આવે ત્યારે શરીરની મદદથી આપણી નાંવ જીવનસાગરની પેલે પાર આરામથી લઈ જઈ શકીએ. દુર્બળને સ્વાતંત્ર્યનો અધિકાર નથી. એટલે દુબળાપણું છોડી દેવું. શરીરની દરેક પેશી સાથે વાત કરવી. તેમને તેમની શક્તિની ઓળખ કરાવો, અને પોતાનાપર અતૂટ વિશ્વાસ રાખવો. શરીરની દરેક પેશી આપણને શક્તિ આપવા માટે બનાવી છે તે ધ્યાનમાં રાખવું.

ક્રમશ:

સ્વામી વિવેકાનંદ અને ધ્યાન

(લેખાંક:૩)

ધ્યાન માટેનું સ્થાન કેવું હોવું જોઈએ?

જ્યાં અગ્નિ છે અથવા પાણીમાં કે ધરતીપર જ્યાં સુકાઈ ગયેલ ઝાડ પરના પાંદડા પડ્યા હોય, અથવા જ્યાં કીડિયારો છે, જ્યાં હિંસક પ્રાણીઓ ફરતાં હોય, જ્યાં જોખમ હોય, જ્યાં ચાર રસ્તાઓ મળતાં હોય, જ્યાં ખરાબ કે દુષ્ટ લોકો રહેતા હોય ત્યાં યોગસાધના ન કરવી. જ્યારે શરીર જકડાઈ ગયું હોય અથવા કોઈ બીમારી થઈ હોય કે મનદુ:ખ હોય, ભ્રમિત હોય ત્યારે ધ્યાન ન કરવું. ધ્યાન કરવા માટે જ્યાં એકાંત હોય, અને જ્યાં કોઈનોય ત્રાસ નાં થાય એવી જગ્યા શોધવી. ગંદી જગ્યા પસંદ ન કરવી. જ્યાં સુંદર દૃશ્યો દેખાતા હોય, કુદરતનું સૌંદર્ય ખીલેલું હોય તે જગ્યા ધ્યાન માટે ઉત્તમ છે. ધ્યાનનાં શરૂઆતમાં પ્રાચીન યોગીપુરુષ, તમારા ગુરુ, અને તમારા આરાધ્યદેવનું સ્મરણ કરવું અને આશીર્વાદ મેળવવા.

ધ્યાન કયા સમયે કરવું?

દિવસમાં ઓછામાં ઓછું બે વાર ધ્યાન કરવું. સુંદર અને યોગ્ય સમય સવાર અને સાંજ. સંધીસમય એટલે રાત પૂર્ણ થઈને જ્યારે સવાર થાય છે અથવા દિવસ પૂરો થઈને રાત શરૂ થાય છે, એવા સમયે ધ્યાન કરવું ઉત્તમ. પ્રાત:કાલનાં સમયે અથવા સાંજની શરૂઆતના સમયે યોગ્ય માનવામાં આવે છે. તે સમયે શરીર સાથે મનની દશા પણ સ્વસ્થ હોય છે. કુદરતના ખોળે આ સ્વાભાવિક પ્રવૃત્તિનો લાભ લેવાય તે હિતાવહ છે. સામાન્યત: ધ્યાન કર્યાવગર ભોજન લેવું નહીં એવો નિયમ બનાવાય તો તીવ્ર ભૂખ આળસ ઉપર વિજય મેળવતાં શીખવે છે. ભારતમાં આપણે બાળકો માટે નિયમ બનાવીએ છીએ કે જ્યાંસુધી સ્નાન અને ધ્યાન, પૂજા ન થાય ત્યાંસુધી ભોજન કરવું નહીં. તેવી ટેવ બાળપણથીજ હોય તો તે મોટા થાય ત્યારે જ્યાંસુધી તે પૂજાપાઠ, ધ્યાન કરે નહીં ત્યાંસુધી ભૂખ લાગતી નથી.

હવે પ્રાર્થના વિષે:
મનમાં ફરીફરી વાર બોલવું :
“સર્વેત્રા સુખિન: સંતુ
સર્વે સંતુ નિરામય: |
સર્વે ભદ્રાણી પશ્યંતુ,
મા કશ્ચિત દુ:ખવાપ્નુયાત ||

ચારેય દિશાને સામે રાખી બોલવું. એવું કરવાંથી આપણી ચિત્તવૃત્તિ આનંદિત થાય છે. પોતાને સ્વસ્થ રાખવાનો સહુથી સરળ ઉપાય એટલે બીજાને ખુશ રાખવાં. બોલી લીધા પછી જેમની ઈશ્વરપર શ્રદ્ધા હોય તેમણે ઈશ્વરની પ્રાર્થના કરવી. તે પ્રાર્થના સમૃદ્ધિ માટે નહીં, સ્વાસ્થ્ય કે મોક્ષપ્રાપ્તીમાટે પણ ન હોવી જોઈએ. પ્રાર્થના ફક્ત જ્ઞાન અને પ્રકાશ માટે હોવી જોઈએ. તેના સિવાય ઈશ્વર પાસે બીજું કઈ માગવું તે સ્વાર્થ કહેવાય.

(જુઓ પાનાં નં. ૧૩)

રેકી શિબિરની બોધકથા (ભાગ ૪૧)

ગુસ્સાથી મુક્તિ આવશ્યક ...

એક રાજ્ય હતું. અને બીજા રાજયોની જેમ એ રાજ્યનો એક રાજા હતો. એ રાજાને એક પુત્ર હતો. વીસ વર્ષની વયનો આ રાજપુત્ર બીજા યુવકોની જેમ જરા છીછરો હતો. તેને સાહિત્ય ગમતું હતું. તેને જુદાજુદા સુભાષિતો ગમતા. એકવાર રાજયમાં એક સારો કવિ આવ્યો. તેણે પોતાના સાહિત્યનું પ્રદર્શન રાજપુત્રની સામે કરવાનું નક્કી કર્યું. તેની પ્રતિભાશૈલીપર રાજપુત્ર ખુશ થયો. તેની એક રચનાનું એક વાક્ય “ગુસ્સો વ્યક્ત કરતાં પહેલા સાવધાની રાખવાની આવશ્યકતા છે.” તેને ખૂબજ ગમ્યું. તેણે ખુશ થઈને એ લેખકને ૧૦૦૦૦૦ મુદ્રા આપીને તેનું સન્માન કર્યું, અને તે વાક્ય પોતે ખરીદી લીધા હોવાનું જણાવ્યુ. એક લુહારને બોલાવીને એક તાંબાની પટ્ટી લગાવીને તે પોતાના શયનકક્ષમાં લગાવી દીધી. તે સમયે રાજા રાજ્યની બહાર ગયા હતા.

તે પાછા આવતા દરબારના થોડા વરિષ્ઠ લોકોએ રાજાને આ વાત કહી. અને રાજપુત્રના આવા ખર્ચાઓ ઉપર લગામ લગાવવી એવું પણ રાજાને કહ્યું. રાજાને પણ આ વાત ગમી નહીં કે એક વાક્ય માટે રાજપુત્રએ આટલો ખર્ચો કર્યો. તેણે પોતાના દરબારના વરિષ્ઠ લોકોની વાતને માન આપીને રાજપુત્રને દરબારમાં બોલાવ્યો અને આ ખર્ચ માટે જવાબ માગ્યો. આટલા પૈસા કમાવા માટે કેટલી મહેનત કરવી પડે એની તેને ખબર નથી એવું પણ કહ્યું અને સજા આપી કે રાજપુત્રએ રાજ્યની બહાર જઈને પોતાની મહેનતથી આટલા પૈસા કમાવા અને રાજ્યના ખજાનામા ભરવા. જ્યાંસુધી આટલા પૈસા તે કમાઈ ના શકે ત્યાંસુધી રાજયમાં પાછા આવવું નહીં. રાજપુત્રએ પોતાના પિતાની આજ્ઞાનું પાલન કરીને પોતાની ગર્ભવતી પત્નીને રાજયમાં છોડીને રાજ્યનો ત્યાગ કર્યો.

ઘણા વર્ષો વીતી ગયા. લગભગ વીસ વર્ષ પછી રાજપૂત્રની પાસે ૧૦૦૦૦૦ મુદ્રા ભરવા જેટલા પૈસા ભેગા થયા ત્યારે તે પોતાના રાજયમાં પાછો આવ્યો. તેણે તે પૈસા રાજ્યનાં ખજાનામાં જમા કરાવ્યા. અને ઉતાવળથી તે પોતાના મહેલમાં આવ્યો. ત્યારે મોડી રાત થઈ હતી. જેવો તેણે પોતાના શયનકક્ષમાં પગ મૂક્યો ત્યારે તેના ધ્યાનમાં આવ્યું કે પોતાની પત્ની નિદ્રાધીન છે. અને તેની ઊંઘમાં ખલેલ ન પહોંચે એટલે તેણે ધીમેધીમે પોતાના શયનકક્ષમાં પ્રવેશ કર્યો. ત્યાં તેણે જોયું કે પોતાની પત્ની સાથે કોઈ જુવાન છોકરો સૂતો છે. તેને ખૂબ ગુસ્સો આવ્યો અને કમરે લટકાવેલી તલવાર પોતે યુવકને મારવાના આશયથી ઉગામી અને પૂરી તાકાતથી તે પાછળ લઈ જઈ ઉગામવા જતાં ને પાછળની ભીંત ઉપર પેલી તામ્રપટ્ટીને અથડાઇ, અને મોટો અવાજ થયો. તે અવાજથી ગાઢ નિદ્રામાં સૂતેલી તેની પત્ની અને પેલો યુવક બંને જાગી ગયા અને પલંગ પર બેસી ગયા.

પત્ની પોતાના પતિને ઓળખીને ખૂબ ખુશ થઈ. તે બોલી, “ આટલો ગુસ્સો કેમ કરો છો?” તેની નજરથી પત્નીને ખ્યાલ આવ્યો કે રાજપુત્રને મારી સાથે સૂતેલો જોઈને પતિને શંકા આવી છે. તે હસીને બોલી,” આ તો આપણો પુત્ર છે. વીસ વરસ પહેલા તમે રાજ્ય છોડી જતાં રહ્યા તેના ૨ મહિના પછી પુત્રનો જન્મ થયો. હવે આપણો પુત્ર વીસ વર્ષનો છે. તે સાંભળીને રાજપુત્ર ખુશ થયો અને પોતાના હાથમાંથી તલવાર નીચે મૂકીને પોતાના પુત્રને પ્રેમથી ગળે લગાવ્યો. પાછા વળીને તે પટ્ટી તરફ જોયું અને કૃતજ્ઞતાથી બે હાથ જોડી વંદન કર્યું. તેના ધ્યાનમાં આવ્યું કે જે વાક્ય માટે તેણે ૧૦૦૦૦૦ મુદ્રા આપી હતી તેણે પોતાના હાથે થનાર પુત્રની હત્યાને રોકી હતી. તે વાક્યની કિંમત તેણે આપેલા મૂલ્યથી હજાર ગણી વધારે હતી.

તાત્પર્ય : પ્રતિક્રિયા આપતા પૂર્વે બધી વાતનો વિચાર કરવો, નહીં તો ન પુરાય એવી ખોટ થઈ શકે છે.

રેકી શિબિરની બોધકથા (૪૨)

મહામારી અને ભય

કોરોના વાયરસના રાક્ષસે અત્યારે આખી દુનિયામાં હાહાકાર મચાવ્યો છે. તેનાંથી એક મહાભયાનક પરિસ્થિતિ પૂરા વિશ્વમાં તૈયાર થઈ છે. એવી પરિસ્થિતિમાં આ બોધકથા કઈક સંદેશ આપશે....

એક ગામમાં એક મહાન સાધુ તપસ્યા કરતાં હતા. તેમનું સામર્થ્ય અદ્વિતીય હતું. કલીકાલઉપર પણ તેમના સામર્થ્યનો પ્રભાવ પડે એવો તેમની તપસ્યાનો અધિકાર હતો. એકવાર ધ્યાનમાં બેઠા હતાં ત્યારે અચાનક તેમના ધ્યાનમાં આવ્યું કે તે ગામપર એક મહામારીનું સંકટ આવવાનું છે. ગામનાં લોકો પ્રેમાળ અને નિખાલસ હતાં. તેથી સાધુમહારાજને દુ:ખ થયું, તે માંટે કઈક કરવું જોઈએ એવું તેમને લાગ્યું. સાધુમહારાજ ગામના પ્રવેશદ્વારે રહેવા લાગ્યા. પોતાના સમગ્ર સામર્થ્ય સાથે સાધુમહારાજ ધ્યાનમાં બેઠા. તેમને ખબર હતી કે આ માર્ગેથીજ મહામારી ગામમાં પ્રવેશ કરવાની છે. તેમણે મહામારીનો માર્ગ બંધ કર્યો. થોડાજ સમયમાં મહામારી ગામમાં પ્રવેશ કરવાના ઈરાદે આવી. સાધુ સામે આવ્યા અને બોલ્યા, " હે મહામારી, તું આ ગામમાં નહીં જઈ શકે. તું પાછી વળ." મહામારીને પણ સાધુના તપ સામર્થ્યનો અંદાજ હતો. તે સાધુના પગે લાગી અને તેમનો આશીર્વાદ લઈને શાંતિથી બોલી, "મહારાજ, મને જવા દો, કારણ નિયતીનો લેખજ છે. મને નિયતીની આજ્ઞા છે. હું તેનું ઉલ્લંઘન કેવી રીતે કરું?" સાધુએ કહ્યું," ગમે તે થાય પણ હું આ વિનાશ મારા ગામમાં થવાં નહીં દઉં. તારે પાછા ફરવુંજ પડશે." મહામારી હવે સાધુને વિનવવા લાગી અને બોલી, " મહારાજ હું શપથ લઉં છું, હું આ ગામમાં ફક્ત એક અઠવાડિયું રહીશ અને ફક્ત ૫ લોકોને મારીશ. હવે મને જવા દો." સાધુએ થોડો વિચાર કર્યો. ગરદન હલાવીને બોલ્યા," જો, મને પણ તારી વિવશતા સમજાય છે. પણ મને વચન આપ કે તું ફક્ત ૫ લોકોને મારીશ. ૫ કરતાં એકપણ વધારે માણસ મારીશ તો હું તને નહીં છોડું. તારો પનારો મારી સાથે છે. યાદ રાખજે." મહામારી દોડીને ગામમાં ઘૂસી. સાધુ એક અઠવાડીયા સુધી ગામની બહાર રહ્યા અને તેઓ મહામારીના બહાર આવવાની રાહ જોવા લાગ્યા. ગામમાંથી અચાનક તેમને આક્રોશ સંભળાયો. તેઓ અંતરજ્ઞાનથી પામી ગયા કે ગામમાં પાંચ હજારનો જીવ ગયો છે. સાધુ ક્રોધિત થયા.

ત્યારેજ સામેથી મહામારી આવી. સાધુનું ક્રોધાયમાન સ્વરૂપ જોઈને તે ગભરાઈ ગઈ. ડરથી થરથર કાંપવા લાગી, બોલી,"મહારાજ, મને ક્ષમા કરો. મને મારશો નહીં. દંડ કરો નહીં. હું શપથ લઈને કહું છું કે મેં ફક્ત પાંચ લોકોને માર્યા છે, જેનું મેં તમને વચન આપ્યું હતું." સાધુ ગુસ્સાથી ગરજ્યાં, "તો પાંચ હજાર કેવી રીતે મૃત્યુ પામ્યા?" ખોટું બોલવાનો એક વધારે અપરાધ તું કેમ કરે છે?" મહામારી ઘુંટણીએ બેસી અને બોલી, "મહારાજ,મેં ખરેખર ફક્ત પાંચને માર્યા. બાકીના ચાર હજાર નવસો પંચાણુ ડરથી મર્યા."

તે સાંભળીને સાધુ શાંત થયા. જે થયું તે વાત પામી ગયા. તે પ્રેમાળ સ્વરે મહામારીને બોલ્યા," ઠીક છે. હું સમજી ગયો. હવે તું જા."

તાત્પર્ય : ડર માણસના જીવનનો સહુથી મોટો રોગ છે.

લોક ડાઉનની મઝા

- હરેશ શુક્લા

ઘરમાં કાંઈ ખૂટતું નથી,
કોઈ વહેલું ઉઠતું નથી
નાસ્તાનાં ટેબલ પર,
થાય છે વાતોનાં વડા..
પરવારીને જલ્દી હવે
નહાવાનું સૂઝતું નથી
ઘરમાં કાંઈ ખૂટતું નથી,
કોઈ વહેલું ઉઠતું નથી

ઝાડુપોતાંની
થઈગઈ છે આદત
ને ચોખ્ખુંચણાક હવે લાગે છે ઘર
કોઈપણ ક્યાંય કશું
આડુંઅવળું ઘરમાં
જરાય મૂકતું નથી

ગરમ ગરમ જમવાનું,
ને પ્રેમ ભર્યો આગ્રહ.. !
વધારે ખાઈને, આફરો ચડાવી
હુંફાળી બપોરે
સુવાનું કોઈ જરા ચૂકતું નથી

ઘરમાં જ થઈ જાય છે,
મિજબાની સાંજે,
પણ એનાં ફોટા

ફેસબુક પર
કોઈ હવે મૂકતું નથી

હોટલ ને ડિનર,
પાર્ટી ને પબ
થીએટર, પોપકોર્ન,નાં ખર્ચા ગાયબ
ઘરનું ખાવાનું ને ઘરનું ટીવી
હવે કોઈપણ કશા
માટે ઝૂરતું નથી

હવે પાછુ જવાનું
જો આવશે ઓફિસ
તો શીખવું પડશે
બધું નવેસર થી
મનની શાંતિ ને પરિવાર નો પ્રેમ
હવે પૈસા પાછળ
છોડ, ઝૂરવું નથી

આખી દુનિયા
જાણે વસી છે ઘરમાં
ખોટેખોટી આ દુનિયાની હોડમાં
જીવતેજીવત,
જા મરવું નથી
હવે પૈસા પાછળ
છોડ, ઝૂરવું નથી

કર્મનું ફળ કોના ખાતામાં?

- ચંદ્રેશ પરમાર



એક રાજા બ્રાહ્મણોને પોતાના મહેલના આંગણામાં ભોજન કરાવી રહ્યા હતા. ભોજન ખુલ્લામાં તૈયાર થઈ રહ્યું હતું...એક સમડી પોતાના પંજામાં એક સાપને પકડીને મહેલની ઉપરથી જઈ રહી હતી. સાપે પોતાનો જીવ બચાવવા સમડીને ડંખ માર્યો. થોડુ ઝેર નિચે રસોઇના વાસણમાં પડયું. રસોઇ ઝેરીલી થઈ ગઈ. રસોઇ બનાવનારને આ બાબતની ખબર ન પડી. રસોઇ પીરસવામાં આવી અને ભોજન આરોગનાર બધાજ ભૂદેવોના મૃત્યું થયા. રાજા ખુબજ વ્યથિત થયો અને તેને ડર લાગ્યો કે આ બ્રહ્મ હત્યાનું પાપ તેને લાગશે..

બીજી બાજુ યમરાજ માટે કોયડો ઉભો થયો કે આ હત્યાનું પાપ કર્મ ફળ કોના ખાતામાં ઉધારવું???

૧. રાજા જેને ખબર જ ન હતી કે ભોજનમાં ઝેર છે?
૨. રસોઈયા - કે જેઓ જાણતા ન હતા કે રસોઇ ઝેરી થઈ ગઈ છે?
૩. સમડી જે ઝેરી સાપને લઈને મહેલ ઉપરથી નિકળી?
૪. સાપ જેને પોતાના આત્મ રક્ષણ માટે ઝેર ઓક્યું?

ધણા દિવસો સુધી યમરાજાની ફાઇલમાં આ કોયડો અટકેલો રહ્યો. થોડા સમય પછી બહારગામથી ભુદેવો રાજાની મુલાકાતે આવે છે, રસ્તામાં એક મહિલાને રાજમહેલનો રસ્તો પુછે છે. મહિલા રસ્તો તો બતાવે છે પરંતુ સાથે સાથે વણમાગી સલાહ આપે છે કે “ધ્યાન રાખજો અમારો રાજા ભુદેવોને ભોજનમાં ઝેર ભેળવીને મારી નાખે છે એટલે જમતા નહીં.” બસ આજ વખતે યમરાજાને પાપકર્મનું ફળ કોને ખાતે ઉધારવું તે સુઝી ગયું. તરતજ ફેસલો આપ્યો કે બ્રાભણોનાં મૃત્યુંનું પાપ પેલી મહિલાના ખાતામાં જશે. યમદૂતોએ પુછયું કે મહિલાને શા માટે? તેની તો આ બનાવમાં કોઇ ભૂમિકાજ નથી તો પણ શા માટે?

ત્યારે યમરાજાએ જવાબ આપ્યો કે જયારે કોઇ પાપ કરે છે ત્યારે તે કરવાનો તેને આનંદ મળે છે. આ કિસ્સામાં ન તો રાજાને કે સમીડીને કે સાપને કે રસોઇયાને આનંદ મળ્યો પરંતુ આ બનાવના વખાણ કરીને બીજાની બુરાઇ કરીને પેલી મહિલાને જરૂર આનંદ મળ્યો. અને એટલા માટે પાપકર્મનું ફળ આ મહિલાના ખાતામાં જશે.

બીજાએ કરેલા પાપની નીંદા એ પાપના વખાણ કરવા થકી કોઇ કરે છે તો તે પણ તે પાપનો ભાગીદાર બને છે. ધણી વખત આપણે વિચારીએ છીએ કે મેં તો કોઇ દિવસ કોઇ પાપ કર્યું નથી તો પછી મને શું કામ સજા થાય છે? આ સજા જાણે અજાણ્યે કોઈની કરેલી કુથલી, નિંદા અને બુરાઇ કરવાને કારણે આપણા ખાતામાં જમા થઈ હોય છે તેનું પાપકર્મ ભોગવવાનું બને છે.

બોધ—કોઇની કુથલી, નિંદા કે બુરાઇ જાણે અજાણે કરવી નહીં. અને જો કોઈ આપણી બુરાઈ કે નિંદા કરતું હોય તો તેનો હ્રદય પૂર્વક આભાર માનવો, કારણ કે જેની નિંદા થતી હોય તેના જાણે-અજાણે થયેલ પાપ ધોવાતાં જતાં હોય છે એટલે જ કહેવત છે કે આપણી આડોસ-પડોસમાં આપણી નિંદા કરવાં વાળી વ્યક્તિઓ રહેતી હોય તો વધુ સારું. આવી વ્યક્તિઓથી આપણે દુ:ખી કે બેચેન ન થવું, તેમની ઉપર ગુસ્સે નહીં પરંતુ નિશ્ચિંત થઈ ને તેઓને આશીર્વાદ આપવા જોઈએ કારણ કે તેઓ આપણું કામ આસાન કરી રહ્યા છે.

નોંધ : લોક સાહિત્ય વાર્તા માંથી લીધેલો પ્રસંગ.
જય ગુરુદેવ..

આશ્રમવાર્તા

૧) વિશ્વ અગ્નિહોત્ર દિવસ :

૧૨ માર્ચનો દિવસ પૂરા વિશ્વમાં "વિશ્વ અગ્નિહોત્ર દિવસ " તરીકે મનાવવામાં આવે છે. આ દિવસે ૧૯૪૨ ની સાલમાં સાક્ષાત ભગવાન પરશુરામે અક્કલકોટના શ્રી.ગજાનન મહારાજને ગુરુમંદિરમાં દેહરૂપમાં દર્શન કરાવીને કૃતાર્થ કર્યા. અગ્નિહોત્રનું આજનું જે સ્વરૂપ છે તેનો પૂરા વિશ્વમાં પ્રસાર કરવાની આજ્ઞા કરી. જે આજે સપ્તશ્લોકીના નામથી પ્રસિદ્ધ છે. આપણાં દેવરૂખ મઠમાં આ દિવસ ખૂબ ઉત્સાહથી ઉજવવામાં આવે છે. આ ઘટનાને જેટલા વર્ષો થયા તેટલા અગ્નિહોત્ર પ્રજ્વલિત કરવામાં આવે છે. આ વર્ષે પણ સાંજના અગ્નિહોત્ર સમયે ૭૮ અગ્નિહોત્ર કુંડમાં આહુતિ આપી. પૂરા વિશ્વને ભરડામાં લેનાર 'કોરોના વ્હાયરસ' ના દૈત્યથી વિશ્વ મુક્ત થાય એજ આ સામૂહિક અગ્નિહોત્રનો સંકલ્પ હતો.

૨) સાધક અવધૂત પોટફોડેની કલાને વિદેશમાં માગ :

દેવરુખનાં કલાકારોની કલાને વિશ્વ સમક્ષ લાવવા માટે આપણાં મઠ અને ગુરુજી ઘણા પ્રયાસ કરે છે એ સર્વને જ્ઞાત છે. આ પ્રયત્નોને હવે વિદેશમાં પ્રતિસાદ મળવા લાગ્યો છે. એનું ઉત્તમ ઉદાહરણ એટલે દેવરુખનાં આપણાં જ્યેષ્ઠ સાધક અને એક પ્રસિદ્ધ કલાકાર શ્રી.અવધૂત પોટફોડેના ચિત્રોને અમેરીકાનાં ઘરોમાં અને હોટલોમાં સ્થાન મળ્યું છે. આ તો ફક્ત શરૂઆત છે. આપણી કળા દ્વારા દેવરુખનું નામ હવે વિશ્વવિખ્યાત થશે. જે ચિત્રો અત્યારે અમેરીકામાં પહોંચ્યા છે. તેની પ્રતિકૃતિ નીચે આપી છે.

આશ્રમવાર્તા

(૧) રેકિ સાધકોએ ઝીલ્યો કોરોના વાઈરસનો પડકાર

કોરોના વિષાણુએ સંપૂર્ણ જગતમાં ફેલાવેલો ગભરાટ અને માનવજાતીના રકકાસની ભીષણ સ્થિતિમાં એક વિશાળ શોકકળાં વિશ્વપર પડી હોય ત્યારે એક સાધક તરીકે પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગુરૂજીએ બે વિડીઓ દ્વારા આપણાં રેકિ સાધકોને માર્ગદર્શન કર્યું. ઉદાસીનતાના વાતાવરણમાં પ્રકાશ ફેલાયો. આ પરિસ્થિતિમાં સાધકોએ કરવાની સાધના હવે ખબર પડવાથી સાધકવર્ગ આ કઠિન પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ થયો છે. જેમણે આ વિડીઓ જોયો નથી તેઓ નીચે આપેલ લિન્કપર જઈને માર્ગદર્શન મેળવી શકે છે.

https://youtu.be/telcGNGSd7A
હિન્દી

https://youtu.be/VtMktpz3w9k
અંગ્રેજી

(૨) ઠાણેના સાધકો માટે શરીર શાસ્ત્રપર યોજાયેલ અભ્યાસવર્ગ

આપણાં સાધક અને અમેરીકાના એક યશસ્વી ડોક્ટર સંજીવ પાટણકર અત્યારે ભારતના ચીપલુણ નજીક ડેરવણ ગામમાં સ્થિત વાલાવલકર હોસ્પિટલનાં પ્રમુખ શિક્ષણતજ્ઞ તરીકે કાર્યભાર સંભાળે છે. તેમણે થોડા દિવસ પૂર્વે ૨૧ માર્ચનાં રોજ ઠાણેમાં થોડાક સાધકોમાટે 'શરીરશાસ્ત્રની ઓળખ' નું શિક્ષણ શિબિર આયોજિત કર્યું. તેમાં ૧૪ સાધકોએ ભાગ લીધો. સવારે ૯ વાગે શરૂ થયેલ શિબીરની પૂર્ણાહુતિ સાંજે ૬ વાગ્યાની આસપાસ થઈ. આ શિબિરમાં રોગપ્રતિકારક શક્તિ, લોહીના પરીક્ષણનો વૈદ્યકીય રિપોર્ટ કેવી રીતે સમજવો, વિ. બાબતોનો ઊંડાણપૂર્વક વિચાર, શરીરની સુરક્ષા યંત્રણા, પેટના રોગો (વિશેષત: મોટા આંતરડાના ગંભીર રોગો) વિગેરે જીવાણુ અને વિષાણુની સમજ, રેકીદ્વારા ઉપચાર થયેલ દર્દીઓના પરીક્ષણો અને તેમનાં અહેવાલ કેવી રીતે તૈયાર કરવા, રેકીનો રોગોપર પરિણામ અને તેના સંશોધન એવી જુદીજુદી બાબતોનો વિચાર કરવામાં આવ્યો.

વાયરસનો સામનો કેવી રીતે કરવો?

સહુ પ્રથમ તો નિસર્ગના નિયમોનો આદર કરવો.આપણે કોઈ દેશ કે પ્રાંતમાં ગયા હોઈએ તો ત્યાંના નિયમો પાળીએ છીએ કારણ કે તેમ ન કરીએ તો તે દંડનીય અપરાધ બને છે. આપણે હંમેશા એ લક્ષમાં રાખવું જોઈએ કે આપણે આ જગતમાં એક મહેમાન બનીને રહેવા આવ્યા છીએ. નિસર્ગના આ ઘરમાં થોડા દિવસ રહેવાનું, તેના સારા અતિથિ – આચાર ધ્યાનમાં રાખવાના અને એક દિવસ વિદાય લઈને ફરીથી આપણે સ્વસ્થાને જવાનું એ જ જીવન છે. નિસર્ગના નિયમાનુસાર આપણે સવારે વહેલા ઉઠવું, ઋતુ અનુસાર ખાન – પાન કરવું, પવિત્ર રહેવું, મન પ્રસન્ન રાખવું, કોઈને પણ ત્રાસ આપવો નહીં, હળી – મળીને હસતા ખેલતા રહેવું, કોઈને રડાવવા નહીં અને પોતે પણ રડવું નહીં. આટલું થાય તો જીવન સફળ થયું તેમ માનવું. આ બધા વચ્ચે આપણી રોગ પ્રતિકારક શક્તિ મજબુત કરીએ તો આપણે કોઈ પણ જંતુ સામે ટક્કર લઈ શકીએ.ખરું જોતાં કોઈપણ જંતુ (જેને આજકાલ વાયરસ કહે છે) માણસને મારવા માટે જન્મ લેતો નથી. માણસ એટલે માત્ર અસંખ્ય એવા જંતુની વસાહત છે અને આ જંતુઓ જયારે આપસમાં ઝગડે છે ત્યારે માણસને રોગ થાય છે જેમ એકાદ શહેરમાં તોફાન કરનારા પોતાના જ શહેરને નષ્ટ કરે છે, તેવું જ આ છે.

પરન્તુ જે વખતે તે શહેરમાં કાયદો અને વ્યવસ્થા જો વ્યવસ્થિત હશે તો ત્યાં તોફાનો કે હુલ્લડ થતા નથી તેવી જ રીતે શરીરમાં પ્રતિકારક શક્તિ મજબુત હશે તો આ જંતુઓને આપસમાં ઝગડવાનું થશે નહીં. રોજ રેકિ લેવી, સાધના કરવી અને તે આચરણમાં લાવીને દિવ્યત્ત્વનો અનુભવ કરવો પછી કોઈ પણ રોગને આપણા રસ્તામાં આવવાની હિંમત થશે નહીં.

પ્રપંચ (કાર્ય) કરો યોગ્ય રીતે....

પ્રત્યેક પરિસ્થિતિમાં પ્રત્યેકની એક ભૂમિકા હોય છે. તે ભૂમિકાને ન્યાય આપવો કે ન આપવો એ જ આપણા હાથમાં હોય છે. ગુરુજીએ એક વખત સાધકોને ઉદ્દેશીને કહયું, “તમારામાંથી પ્રત્યેકે કોઈ ને કોઈ ભૂમિકા સ્વીકારેલી છે. જેમકે તમારામાંથી કેટલાક રેકિ શિક્ષક બન્યા, કોઈ સંપર્ક પ્રમુખ (કો-ઓડીનેટર) થયા, કોઈ દેવરુખ સ્પીરીચ્યુઅલ પ્રોવેસના સંચાલક થયા, કોઈ શિક્ષક થયા, કોઈ માસિકના સંપાદક થયા.”

આ પ્રત્યેક પર કેટલીક જવાબદારી છે અને નૈસર્ગિક રીતે તેમાંથી આવનારા કર્તવ્યો છે, તે નિભાવવા આવશ્યક છે. સાધક એટલે કંઈ હાલચાલ ન કરનારા નથી પરન્તુ જે સ્વીકાર્યું છે તે પૂર્ણ સામર્થ્યથી કરનારા છે. ત્યાં કામચોરી, કે સ્વાર્થીપણું ચાલતું નથી. પ્રપંચ કરો યોગ્ય રીતે એ સમર્થનું વચન છે. આપણા લાડકવાયા પ્રધાનમંત્રી પાસેથી પણ તે જ શીખવાનું છે. આવનારી પ્રત્યેક પરિસ્થિતિનો સામનો કરવાનું સાધનાએ તમને શીખવ્યું છે. શ્રધ્ધા અને પરિશ્રમ હોય તો ડુંગર સુધ્ધાં તમે હલાવી શકો, એટલું જ નહીં પણ વિંધ્ય જેવા પર્વત પણ અગસ્ત્યની પરંપરા આગળ ઝૂકી જાય છે.